# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 03-08-2026 I VOL : 12 I Issue : 139 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક



**સુવિચાર**


મુશ્કેલ રસ્તા સુંદર મંઝિલ સુધી પહોંચાડે છે. ધીરજ અને મહેનત સફળતાની જોડ છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3  ખેમાણા ટોલનાકાથી પાલનપુર સુધીનો રોડ બન્યો 'મરણચીસ', નવો બનેલો...

4  ઈન્ડોનેશિયામાં 271 લોકોથી ભરેલી બોટમાં આગ: 5ના મોત, 41 ગુમ

6  રિલીઝ પહેલાં જ 'King'નો રેકોર્ડ! શાહરૂખ ખાનની ફિલ્મના મ્યુઝિક રાઇટ્સ...

7  જસપ્રીત બુમરાહ શ્રીલંકા ટેસ્ટ સિરીઝમાંથી બહાર


## એક નજર...

### સની લિયોનીએ ગાઉનમાં કરાવ્યું ગ્લેમરસ ફોટોશૂટ, તસવીરો થઈ વાયરલ



બોલ્ડ અભિનેત્રીઓમાંની એક સની લિયોની દરરોજ પોતાના ગ્લેમરસ અવતારથી ચાહકોને ચોંકાવતી રહે છે. તાજેતરમાં અભિનેત્રીએ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી અદભૂત તસવીરો શેર કરી છે.બોલિવૂડ અને સાઉથની ફિલ્મોમાં પોતાની એક્ટિંગ કૌશલ્ય દેખાડી ચૂકેલી સની લિયોની પોતાની બોલ્ડનેસ માટે ઘણી લોકપ્રિય છે.

## NEWS TRACK

### પેન્ટાગોનના કમાન્ડરે અમેરિકાની પોલ ખોલી, ઈરાન સામેનું યુદ્ધ ભારે પડ્યું

વૈશ્વિક સ્તરે સૌથી શક્તિશાળી સેના હોવાનો દાવો કરતા અમેરિકાની સૈન્ય ક્ષમતા અને સંસાધનોને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે. વૉશિંગ્ટન પોસ્ટના રિપોર્ટ મુજબ, યુરોપમાં અમેરિકાના સેના કમાન્ડર જનરલ એલેક્સસ ગ્રીંકેવિચે પેન્ટાગોનને ચેતવણી આપી છે કે હાલના સંસાધનો સાથે ઈઝરાયલની લાંબા સમય સુધી રક્ષા કરવી મુશ્કેલ બનતી જઈ રહી છે. જો વધારાની મદદ નહીં મળે તો અમેરિકાએ ઈઝરાયલ અને પોતાની સુરક્ષા વચ્ચે પ્રાથમિકતા નક્કી કરવી પડી શકે છે. પેન્ટાગોનની ચિઠ્ઠી લીક થવી મોટો ઝટકો આ કોઈ રાજકીય નિવેદન કે વિશ્લેષકોનું અનુમાન નથી, પરંતુ સેનાના શીર્ષ કમાન્ડર દ્વારા આપવામાં આવેલી ચેતવણી છે. પેન્ટાગોનમાંથી આટલો સંવેદનશીલ સંદેશ લીક થઈને બહાર આવવો એ દર્શાવે છે કે સેનાની અંદર સંસાધનોને લઈને ગંભીર ચિંતા પ્રવર્તે છે. અમેરિકા કે ઈઝરાયલ કોને આપવી સુરક્ષા? રિપોર્ટ અનુસાર, જનરલે સ્પષ્ટ કહ્યું કે જો વધારાના યુદ્ધપોતો નહીં મળે તો અમેરિકાએ પોતાની માતૃભૂમિની સુરક્ષાને પ્રાથમિકતા આપવી પડી શકે છે.

### પેરૂમાં ટૂરિસ્ટ પ્લેન ક્રેશ: 'નાઝ્કા લાઈન્સ' જોવા જતા 13 મુસાફરોના કરૂણ મોત

દક્ષિણ અમેરિકાના દેશ પેરૂના નાઝ્કા શહેરમાં એક અત્યંત દુઃખદ વિમાન દુર્ઘટના સામે આવી છે. પ્રવાસીઓને લઈને જઈ રહેલું એક ટૂરિસ્ટ પ્લેન અચાનક રસ્તામાં આવેલી ખેતીની જમીન પર ખાબકીને ક્રેશ થઈ ગયું હતું. આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર તમામ 13 લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે. નાઝ્કા નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી અધિકૃત પુષ્ટિ મુજબ, આ પ્લેન પ્રવાસીઓને વિશ્વપ્રસિદ્ધ 'નાઝ્કા લાઈન્સ' દર્શાવવા માટે લઈ જઈ રહ્યું હતું. નાઝ્કા લાઈન્સ એ પેરૂના રણ વિસ્તારમાં પ્રાચીન મૂળ નિવાસીઓ દ્વારા બનાવવામાં આવેલી વિશાળકાય આકૃતિઓ છે, જેને માત્ર વિમાન કે ઊંચા ટાવર પરથી જ જોઈ શકાય છે. મળતી માહિતી મુજબ, ક્રેશ થયેલા પ્લેને નજીકના શહેર 'ઈકા' પરથી ઉડાન ભરી હતી. આ વિમાન પેરૂની પ્રાઈવેટ એવિએશન કંપની 'એરોડિયાના' દ્વારા સંચાલિત કરવામાં આવી રહ્યું હતું. કંપની છેલ્લા 14 વર્ષથી 'સેસના ગ્રાન્ડ કારવાં' વિમાનો દ્વારા પ્રવાસીઓને નાઝ્કા લાઈન્સની હવાઈ સફર કરાવે છે.

રાજસ્થાન, ઝારખંડ, આંધ્રપ્રદેશ અને દિલ્હીમાં પણ ભારે વરસાદનું એલર્ટ

# કેરળ, ગુજરાત, હિમાચલ અને રાજસ્થાનમાં વરસાદનું તાંડવ

- કેરળમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે 8 લોકોના મોત થયા, જ્યારે 8 ગુમ છે. 27 ઘરો સંપૂર્ણપણે નષ્ટ થયા



કન્નૂર

કેરળમાં પડેલા મુશળધાર વરસાદ અને ભૂસ્ખલનના કારણે મોટી ખુવારી સર્જાઈ છે. વરસાદ સંબંધિત વિવિધ ઘટનાઓમાં 8 લોકોના મોત થયા છે જ્યારે 8 લોકો હજુ પણ ગુમ છે. આ પરિસ્થિતિને પગલે રાજ્ય તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગયું છે. કન્નૂર જિલ્લામાં પૂર અને ભૂસ્ખલનને કારણે ભારે અસર. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર રાજ્યમાં 27 ઘરો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે, જ્યારે 196 ઘરોને અંશતઃ નુકસાન પહોંચ્યું છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજ્યભરમાં 209 રાહત શિબિરો શરૂ કરવામાં આવ્યા છે, જેમાં 5,792 લોકોને સુરક્ષિત સ્થાન પર ખસેડવામાં આવ્યા છે. કન્નૂર જિલ્લામાં પૂર અને ભૂસ્ખલનને કારણે ભારે અસર પડી છે, જ્યાંથી 500થી વધુ લોકોને રાહત શિબિરોમાં ખસેડાયા છે. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારો, ઘર ગુમાવનારા અને રોજીરોટી ગુમાવનારા તમામ લોકોને ઝડપથી સહાય પહોંચાડવાની ખાતરી આપી છે. વરસાદનું જોર ઘટવા છતાં પહાડી વિસ્તારોમાં રહેતા લોકોને ભારે સાવચેતી રાખવા જણાવવામાં આવ્યું છે. કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે આગોતરા પગલાં લેવાઈ રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યના 12 જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ એલર્ટ મુજબ 115 એમએમથી 204 એમએમ સુધીના અતિભારે વરસાદની શક્યતા રહેલી છે. મહેસૂલ મંત્રીના જણાવ્યા મુજબ પરિસ્થિતિ હાલ નિયંત્રણ હેઠળ છે. ક્ષતિગ્રસ્ત થયેલા ઘણા રસ્તાઓ પર વાહનવ્યવહાર પુનઃશરૂ કરવામાં આવ્યો છે, પરંતુ કેટલીક જગ્યાએ હજુ પણ પાણી ભરાવાના કારણે વાહનવ્યવહાર પર પ્રતિબંધ છે.

### કેરળના 5 ડેમ પર રેડ એલર્ટ, સતત વરસાદથી જળસ્તર વધ્યું

કેરળમાં ભારે વરસાદ વચ્ચે મૂઝિયાર, કલ્લારકુટ્ટી, એરટ્ટયાર, લોઅર પેરિયાર અને પોરિંગલકુથુ ડેમ પર રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જળસ્તર વધ્યા બાદ પ્રશાસને નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેત રહેવાની સલાહ આપી છે. વાદળ ફાટવાનો અર્થ એ નથી કે વાદળ ખરેખર ફાટી જાય છે. આ એક હવામાન સંબંધિત ઘટના છે, જેમાં ખૂબ નાના વિસ્તારમાં ખૂબ ઓછા સમયમાં અત્યંત ભારે વરસાદ થાય છે.

## ચાલુ પ્રેસ કોન્ફરન્સમાં પપ્પુ યાદવ પર જીવલેણ હુમલાનો પ્રયાસ

પટણા

બિહારના પૂર્ણિયાથી અપક્ષ સાંસદ પપ્પુ યાદવ પર તેમના દિલ્હી સ્થિત નિવાસસ્થાને એક વ્યક્તિએ હુમલો કર્યો. પપ્પુ યાદવ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા હતા, તે દરમિયાન એક વ્યક્તિએ તેમના પર જૂતું ફેંક્યું. આ પછી પપ્પુના સમર્થકોએ તેની સાથે મારપીટ કરી. પપ્પુએ આરોપ લગાવ્યો કે એક યુવકે ચાકુ લઈને તેમની હત્યા કરવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું કે કેટલાક બાબા રોજ કહે છે - મને મારી નાખો, બાળી નાખો, અમે 51 લાખ આપીશું. અમે એક વ્યક્તિને પકડીને પોલીસને હવાલે કર્યો. પોલીસ આરોપીને પકડીને લઈ ગઈ છે. તેની વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. આ પહેલાં વારાણસીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને બે સાંસદો પપ્પુ યાદવ અને અવધેશ પ્રસાદ વિરુદ્ધ FIR નોંધાઈ છે.

# આવનારા 100 રવિવાર બદલશે ભારતનું ભવિષ્ય: PM મોદી

### મોદીએ 'નશા મુક્ત યુવા ફૉર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'નો પ્રારંભ કર્યો

નવી દિલ્હી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં યુવાનોને નશા વિરુદ્ધ સંઘટિત કરવાના ઉદ્દેશ્યથી 'નશા મુક્ત યુવા ફૉર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'ની શરુઆત કરી છે. વિડિયો કૉન્ફરન્સિંગના માધ્યમથી શરૂ થયેલી આ રાષ્ટ્રવ્યાપી પહેલ હેઠળ 28,000 થી વધુ જગ્યાઓથી જોડાયેલા 1 કરોડથી વધુ યુવા સાથીઓએ નશામુક્ત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો છે. વડાપ્રધાન મોદીએ કાર્યક્રમને સંબોધિત કરતા જણાવ્યું હતું કે આ અભિયાન વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. 'વિકસિત ભારત સંકલ્પ અભિયાન માટે નશામુક્ત યુવા' આ મુવમેન્ટનું નામ જ તેના સંકલ્પને સ્પષ્ટ કરે છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે દુશ્મન દેશો ભારતમાં ડ્રગ્સ મોકલીને અને યુવાનોને નિશાન બનાવીને દેશને નબળો પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ગેરકાયદે ડ્રગ્સના કારોબારને દુશ્મનના આતંકવાદી એજન્ડાનો હિસ્સો ગણાવ્યો.

# લોકોનો અવાજ દબાવવા તમામ કાયદાનો ઉપયોગ થઇ રહ્યો છે : જસ્ટિસ એપી શાહ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને જજોની પસંદગી, ટ્રાન્સફર વગેરે નિર્ણયો લેતી કોલેજિયમની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. જ્યારે દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એપી શાહે દેશની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે એક્ટિવિસ્ટ અને અસહમત લોકોનો અવાજ દબાવવા માટે તમામ પ્રકારના કાયદાઓનો ઉપયોગ થઈ રહ્યો છે. જો દેશના યુવાનો કોઈ રાજનેતાનું રાજીનામુ માગે તો તેને લાકડીઓ ખાવી પડી રહી છે એટલુ જ નહીં તેની સાથે કેસ પણ કરી દેવાય છે. ગોવા હાઈકોર્ટ બાર એસોસિએશનની એક લેક્ચર સીરીઝમાં દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એપી શાહે આ ટિપ્પણી કરી હતી, તેમણે કહ્યું હતું કે બોલવાની સ્વતંત્રતા લોકશાહીના પાયા સાથે જોડાયેલી છે. રાજકીય ચર્ચાથી લોકોને જાણકારી મળે છે, ટિકાઓનો સામનો કરવાનો સૌથી મોટો ઉપાય લોકો સાથે વાતચીત કરવાનો છે. લોકોના સવાલોનો જવાબ આપવાનો છે. પરંતુ લાગી રહ્યું છે કે આપણા દેશના સત્તાધીશો આ વાત ભુલી ગયા છે. દુ:ખદ બાબત છે કે આજે એક્ટિવિસ્ટ, અસહમતિ રાખનારા તેમજ રાજકીય કાર્ટૂનિસ્ટોને ચુપ કરાવવા કે પરેશાન કરવા અનેક પ્રકારના કાયદાઓનો ઉપયોગ કરાઈ રહ્યો છે.

# કાલુપુરમાં PI એચ.આર. વાઘેલા અને કથિત વહીવટદાર ધવલ જાનીનું અણનમ 'કાળું સામ્રાજ્ય'!

## અમદાવાદ પોલીસ કમિશનર કચેરી હલી જાય તેવો સણસણતો ધડાકો

દૈનિક અહેવાલ શ્રૃંખલા: કાલુપુર સિન્ડિકેટ - ભાગ 2

(વિશેષ પર્દાફાશ)

### ખાખીનો ખૌફ કે ગુનેગારોનો રાસ? કાલુપુરમાં કાયદાના લીરેલીરા

અમદાવાદ શહેરના હૃદયસમાન, વેપાર-રોજગારથી ધમધમતા અને અતિ ગીચ એવા કાલુપુર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે ભાંગીને ભુક્કે થઈ ગયા છે. કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હાલમાં માત્ર વેપારનું કેન્દ્ર નથી રહ્યો, પરંતુ ગુનાખોરી, અસામાજિક તત્વો, નશાનો કારોબાર અને ગેરકાયદેસર આર્થિક સામ્રાજ્યનું મુખ્ય અડ્ડો બની ચૂક્યો છે.

કાલુપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એચ. આર. વાઘેલા અને તેમના કથિત ખાસ વહીવટદાર ધવલ જાનીની જોડીએ સમગ્ર વિસ્તારમાં ખાખીની આડમાં એવું સંગઠિત નેટવર્ક ગોઠવ્યું છે કે જેનાથી શહેર પોલીસ કમિશનર અને પોલીસ બેડાનું નાક વઢાઈ રહ્યું છે.

સ્થાનિક વેપારીઓ અને નાગરિકો દ્વારા આ સિન્ડિકેટ અંગે પીઆઈ વાઘેલાને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ આશ્ચર્યજનક રીતે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

ઊલટાનું, રજૂઆત કરનારાઓ પર જ પરોક્ષ રીતે દબાણ લાવવામાં આવતું હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

### દેશી-ઈંગ્લિશ દારૂ, વરલી મટકાથી લઈને MD ડ્રગ્સનો ઝેરી કારોબાર

કાલુપુર વિસ્તારની સાંકડી ગલીઓમાં દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ કોઈ પણ જાતના ડર વગર ચાલી રહ્યા છે. આટલું ઓછું હોય તેમ, વરલી મટકાના આંકડાના ધંધાર્થીઓ ખુલ્લેઆમ ટેબલો લગાવીને બેઠા છે. સૌથી વધુ ગંભીર અને ચિંતાજનક બાબત તો એ છે કે યુવા પેઢીને બરબાદ કરતું ઝેરી એમ.ડી. ડ્રગ્સ (MD Drugs) પણ કાલુપુરની ગલીઓમાં સરળતાથી ઉપલબ્ધ થઈ રહ્યું છે.

આ સમગ્ર કાળા કારોબારમાંથી રોજના લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવીને વહીવટ ચલાવવામાં આવી રહ્યો છે. પીઆઈ એચ.આર. વાઘેલાના આશીર્વાદથી ધવલ જાની નામનો આ કથિત વહીવટદાર આખા વિસ્તારમાં પોતાના નિયમો ચલાવી રહ્યો છે, જ્યાં પોલીસ સ્ટેશન કરતાં પણ વધારે પાવર ધવલ જાનીનો જોવા મળી રહ્યો છે.

### બિલ વગરના ચાઈનીઝ ઈમ્પોર્ટેડ માલ અને મોબાઈલ માર્કેટ પર હપ્તા રાજ

કાલુપુર અને રિલિફ રોડ વિસ્તાર ઈલેક્ટ્રોનિક્સ અને મોબાઈલ ફોન માટે સમગ્ર ગુજરાતમાં જાણીતો છે. સૂત્રો પાસેથી મળતી અત્યંત ચોંકાવનારી વિગતો મુજબ, કાલુપુર વિસ્તારમાં ચાલી રહેલા ગેરકાયદે વેપાર પર ધવલ જાનીનો સીધો પંજો છે:

ચાઈનીઝ માલનો ગેરકાયદે વેપાર: ચાઈનાથી બિલ વગર ઈમ્પોર્ટ કરાતો ઈલેક્ટ્રોનિક સામગ્રીનો માલ વેચતા વેપારીઓ પાસેથી મહિને લાખો રૂપિયાનો હપ્તો વસૂલ કરવામાં આવે છે.

બિલ વગરના મોબાઈલ ફોન: વગર બિલના ચાઈનીઝ મોબાઈલ અને ચોરીના સ્માર્ટફોનનું વેચાણ કરતા દલાલો અને વેપારીઓ પાસે ફિક્સ મંથલી કમિશન નક્કી કરાયેલું છે.

કરોડોની અનામી મિલકતો: માત્ર થોડા જ સમયમાં આ કાળા વહીવટના જોરે વહીવટદાર ધવલ જાનીએ કરોડપતિ બનીને બિનહિસાબી મિલકતો અને બેનામી સંપત્તિ વસાવી લીધી હોવાનો સણસણતો આક્ષેપ છે.

### મેચના સટ્ટાબાજો માટે સેફ ઝોન: 'ધવલ જાનીનું ઉપર સુધી સેટિંગ'

ક્રિકેટ મેચના બુકીઓ અને સટ્ટાબાજો માટે કાલુપુર પોલીસ સ્ટેશનની હદ આખા રાજ્યમાં સૌથી 'સુરક્ષિત સરનામું' બની ગઈ છે. એક જાણીતા બુકીએ નામ ન આપવાની શરતે ધડાકો કરતા જણાવ્યું હતું કે:

'કાલુપુર સ્ટેશન હદમાં ધમધમતા સટ્ટાના અડ્ડાઓ પર કોઈ એજન્સી રેડ પાડતી નથી. ધવલ જાનીનું સેટિંગ છેક ઉપરના સ્તર સુધી પહોંચેલું છે. કોઈ એજન્સી રેડ ન પાડે એ જ પુરવાર કરે છે કે ધવલ જાની અને પીઆઈ વાઘેલાનો પ્રભાવ કેટલો મજબૂત છે.'

### ગૃહ મંત્રી હર્ષ સંઘવીના ઝીરો ટૉલરન્સ દાવાની મજાક અને સ્પેશિયલ સ્કવોડનું મૌન

ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી અવારનવાર ડ્રગ્સ, દારૂ અને અસામાજિક પ્રવૃત્તિઓ સામે 'ઝીરો ટોલરન્સ' નીતિની જાહેરાતો કરે છે. પરંતુ કાલુપુરમાં પીઆઈ વાઘેલા અને ધવલ જાનીનું કાળું સામ્રાજ્ય ગૃહ મંત્રીના નિર્દેશો અને કાયદાના શાસનને સીધો પડકાર ફેંકી રહ્યું છે. સૌથી મોટો પ્રશ્નાર્થ એ ઊભો થાય છે કે અમદાવાદ શહેરની વિજિલન્સ વિંગ, પીસીબી (PCB), ડીસીપી સ્કવોડ અને ક્રાઈમ બ્રાન્ચ જેવી તીક્ષ્ણ સ્પેશિયલ એજન્સીઓ કાલુપુરમાં ચાલી રહેલા આ લાખો રૂપિયાના દૈનિક વહીવટ સામે કેમ અંધ બનીને બેઠી છે? શું આ એજન્સીઓ સુધી પણ વહીવટની આંચ પહોંચી રહી છે કે પછી ધવલ જાનીનો રોફ આ એજન્સીઓ કરતાં પણ મોટો છે?

### પોલીસ કમિશનર સમક્ષ જનતાની માંગ

અમદાવાદના જાગૃત નાગરિકો અને કાલુપુરના પીડિત વેપારીઓ હવે સીધા અમદાવાદ શહેર પોલીસ કમિશનર પાસે ન્યાયની આશા રાખી રહ્યા છે. જો આ મામલે તાત્કાલિક ધોરણે ઉચ્ચ સ્તરીય તપાસ કમિટીની રચના કરી, પીઆઈ એચ.આર. વાઘેલાની બદલી કે સસ્પેન્શન સાથે વહીવટદાર ધવલ જાનીની મિલકતોની ઈડી (ED) કે આઈટી (IT) દ્વારા તપાસ કરવામાં નહીં આવે, તો 'પાક્કો ગુજરાત' આ કાળા સામ્રાજ્યના વધુ પુરાવાઓ જનતા સમક્ષ મૂકવાનું ચાલુ રાખશે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## સુરતમાં મેટ્રોની કામગીરી અને વરસાદી ખાડાઓથી વાહનચાલકો ત્રસ્ત થયા

સુરત

આ ચોમાસામાં સુરતીઓના માથેથી આફત ઓસરવાનું નામ જ લેતી નથી. પાણી ભરાવાની સમસ્યામાંથી માંડ રાહત મળી ત્યાં શહેરના અનેક રસ્તાઓ પર પડેલા ખાડાઓએ લોકોની મુશ્કેલી બમણી કરી દીધી છે. મેટ્રોની કામગીરી વચ્ચે મજુરાગેટથી ઉધના દરવાજા માર્ગ અને પોદ્દાર આર્કેડથી રેલવે સ્ટેશન જતો માર્ગ ભારે વરસાદ બાદ ધોવાઈ જતાં રોજિંદા હજારો વાહનચાલકો જોખમ વચ્ચે પસાર થવા મજબૂર બન્યા છે. સુરતના સૌથી વ્યસ્ત માર્ગોમાં ગણાતા રીંગરોડ અને વરાછાથી સ્ટેશન તરફ જતા માર્ગ પરથી રોજ હજારોની સંખ્યામાં વાહનો પસાર થાય છે. ભારે વરસાદ બાદ રસ્તાની સપાટી અનેક સ્થળે ધોવાઈ જતાં મોટા અને ઊંડા ખાડા પડી ગયા છે. પરિણામે વાહનચાલકોને વારંવાર ગતિ ધીમી કરવી પડે છે અથવા ખાડા બચાવવા જોખમી રીતે વાહન ચલાવવું પડે છે. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે આ માર્ગ અકસ્માતનું સાધન બની ગયો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. મેટ્રોની કામગીરીને કારણે અગાઉથી જ માર્ગ સાંકડો બન્યો છે, અને ઉપરથી રસ્તાની દયનીય હાલતના કારણે દિવસભર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. તેમાં પણ મજુરાગેટથી ઉધના દરવાજા તરફ જતા માર્ગ પર મેટ્રોના પિલર નીચે વાહન ચલાવવું એટલે કે જાણે મોતના કૂવામાં વાહન ચલાવતા હોવ તેવો ઘાટ વાહનચાલકોનો થઈ રહ્યો છે.

## કહેર: ગળતેશ્વર પંથકમાં ભારે વરસાદને પગલે 150 વીઘાથી વધુમાં ખેતી પાક ધોવાયો, બે માર્ગો બંધ

સેવાલિયા

ગળતેશ્વરના ડભાલી વાડદ સહિતના ગામોમાં શેઢી નદીના પાણી રસ્તા પર ફરી વળતાં બે રસ્તા ઓવરટોપિંગને કારણે બંધ કરવાની ફરજ પડી હતી. આ ઉપરાંત વરસાદના અને નદીના પાણીને કારણે ખેતરોમાં પાકને પણ ભારે નુકસાન થયું હતું.

ગળતેશ્વરમાં શેઢી નદીના પાણી ફરી વળતાં 7 ગામમાં 150 વીઘાથી વધુના વિસ્તારમાં ડાંગરના પાકને નુકસાન થયું છે. ડભાલી, સનાદરા, વાડદ, જરગાલ અને મીઠાના મુવાડા સહિત ગામોના સીમ વિસ્તારમાં આવેલા ખેતરોમાં શેઢી નદીના પાણી ફરી વળતાં ખેતરો ચિંતામાં મૂકાયા છે.

ગળતેશ્વર તાલુકામાં ગત રાત્રે બે કલાકમાં જ વરસેલા ભારે વરસાદને કારણે સ્થાનિકો મુશ્કેલીમાં મૂકાયા હતા. ભારે વરસાદને કારણે શેઢીમાં પણ જળસ્જેતર વધતાં તંત્ર દ્વારા ડભાલીથી મીઠાના મુવાડાનો મુખ્ય માર્ગ અને ડભાલીથી વાડદના મુખ્ય માર્ગ ઉપર પાણી આવી જતાં બંને માર્ગ બંધ કરી દેવામાં આવ્યા હતા અને આસપાસનો સંપૂર્ણ વિસ્તાર બેટ ફેરવાઇ ગયો હતો, જેને લઇ સનાદરા, પાલૈયા, જરગાલ, મીઠાના મુવાડા, વાડદ અને ગોપાલપુરાના ગ્રામજનો સંપર્ક વિહોણા થયા હતા. આ ગામના લોકોને રોજિંદુ સેવાલિયા, બાલાસિનોર અને ઠાસરા જવા માટેનો મુખ્ય માર્ગ હોવાથી કામ ધંધા પર અને નોકરી પર જતા લોકોને મુશ્કેલીમાં મૂકાવાનો વારો આવ્યો હતો. ગળતેશ્વર તાલુકામાં ભારે વરસાદને કારણે શેઢી નદીમાં પૂર આવતાં 7 જેટલા ગામોનો 150 વીઘા જેટલો સંપૂર્ણ પાક ધોવાઈ જવાની ભિતી સેવાઇ રહી છે. સાથે ખેડૂતોને મોંઘુ બિયારણ, રોપણી અને ખેડાઈનો ખર્ચ નિષ્ફળ જાય તો જગતના તાતને ભારે નુકસાની પડે તેવી સ્થિતિ નિર્માણ થયું છે.

## મહુધામાં ભારે વરસાદથી ગામોમાં પાણી ભરાયાં: પદાધિકારીઓએ વિવિધ ગામોની મુલાકાત લીધી

મહુધા

મહુધા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી પડી રહેલા અતિ ભારે વરસાદને કારણે અનેક ગામોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. આ પરિસ્થિતિનો તાગ મેળવવા માટે તાલુકાના વિવિધ ગામોની મુલાકાત લેવામાં આવી હતી.

મંગલપુર, સિંધાલી, મુલજ, ખૂંટજ, ભુમસ, ફીણાવ, ધંધોડી, વડથલ અને ખાંડીવાવ સહિતના ગામોમાં સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ, રસ્તાઓ પર વરસાદી પાણીનો ભરાવો અને સ્થાનિક લોકોને પડતી મુશ્કેલીઓ અંગે જાણકારી મેળવવામાં આવી હતી.મુલાકાત દરમિયાન સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો સાથે ચર્ચા કરીને તેમની રજૂઆતો અને સમસ્યાઓ સાંભળવામાં આવી હતી. જ્યાં પાણી ભરાવા સહિતની સમસ્યાઓ જોવા મળી હતી, ત્યાં તાત્કાલિક સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે સંકલન કરવામાં આવ્યું હતું.

વરસાદી પાણીના ઝડપી નિકાલ સહિતની જરૂરી કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવા માટે સંબંધિત તંત્રને સૂચનાઓ અપાઈ હતી.ભારે વરસાદને કારણે કોઈપણ ગામ કે વિસ્તારમાં જનજીવનને વધુ અસર ન થાય અને લોકોને સમયસર જરૂરી મદદ મળી રહે તે માટે તંત્ર સાથે સતત સંપર્ક અને સંકલન જાળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## મોરબીના હળવદમાં ભારે વરસાદ વચ્ચે રેસ્ક્યૂ ઓપરેશન: 55 લોકોને સલામત સ્થળે ખસેડાયા

મોરબી

મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં બારેમેઘ ખાંગા થતાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. મુસળધાર વરસાદના કારણે હળવદના જુના માલણીયાદ અને સુખપર ગામના ખેતરોમાં પાણી ભરાઈ જતાં અંદાજે 55 જેટલા લોકો ફસાયા હતા, જેમાં બાળકો, મહિલાઓ અને પુરુષોનો સમાવેશ થતો હતો.

ઘટનાની જાણ થતાં જ તંત્ર હરકતમાં આવ્યું હતું અને મોડી રાત્રે જ NDRF, SDRF તેમજ ગુજરાત પોલીસના જવાનો દ્વારા સંયુક્ત રીતે ભગીરથ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

ભારે વરસાદ અને અંધારા વચ્ચે પણ જવાનોએ પોતાની જીવના જોખમે તમામ 55 લોકોને સલામત રીતે બહાર કાઢીને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા.

તંત્ર દ્વારા સમયસર હાથ ધરાયેલા આ સફળ રેસ્ક્યૂ ઓપરેશનના શૂટ કરાયેલા વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં જવાનોની સરાહનીય કામગીરી સ્પષ્ટપણે જોઈ શકાય છે. સફળ બચાવ કામગીરીને પગલે ફસાયેલા લોકો અને તેમના પરિવારોએ રાહતનો શ્વાસ લીધો હતો.

### ગાંધીના ગુજરાતમાં મહેમદાવાદ બન્યું કાળી કમાણીનું હબ

# PI રાઠોડ અને વહીવટદાર વિનુના આશીર્વાદથી દારૂ-જુગારની રેલમછેલ

## 'પાક્કો ગુજરાત' દ્વારા SMCમાં મોટો ધડાકો! : ખેડા જિલ્લા પોલીસનું શરમજનક પ્રકરણ: કાયદાના રક્ષકો જ બન્યા ભ્રષ્ટ કારોબારના ભાગીદાર






અમદાવાદ

ગાંધી અને સરદારની પુણ્યભૂમિ એવા ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ હોય તેવો ઘાટ ખેડા જિલ્લાના મહેમદાવાદમાં સર્જાયો છે. મહેમદાવાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદાની ધજગ્યા ઉડાવીને ઇંગ્લિશ દારૂ, બિયર, દેશી દારૂની ભઠ્ઠીઓ અને જુગારના અડ્ડાઓ ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે. સવાલ એ ઊભો થાય છે કે, કાયદાનો ડંકો વાગતા આ વિસ્તારમાં આટલા મોટા પાયે ગેરકાયદેસર કાળો કારોબાર કોના આશીર્વાદથી ચાલી રહ્યો છે? જવાબ એક જ છે–પોલીસની છત્રછાયા અને ખાખીનો ભ્રષ્ટ કારોબાર!

### PI રાઠોડ અને વહીવટદાર વિનુનો ખેલ: મહિને લાખો રૂપિયાની ઉઘરાણી!

સૂત્રો પાસેથી મળતી અત્યંત વિસ્ફોટક માહિતી મુજબ, મહેમદાવાદ પોલીસ સ્ટેશનના પી.આઈ. રાઠોડ અને તેમના ખાસ 'વહીવટદાર' તરીકે ઓળખાતા વિનુ ભાઈની સીધી રહેમનજર હેઠળ આ આખું અસામાજિક નેટવર્ક ચાલી રહ્યું છે. આખા વિસ્તારમાંથી દર મહિને લાખો રૂપિયાના હપ્તા ઉઘરાવવામાં આવી રહ્યા હોવાના સંગીન આક્ષેપો ઊઠ્યા છે. ખાખી વર્દીનો ડર બતાવી કાયદાના રક્ષક જ ભક્ષક બની ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સૌથી શરમજનક બાબત તો એ છે કે જ્યારે આ અસામાજિક પ્રવૃત્તિઓ અંગે સ્થાનિક સ્તરે અનેકવાર પી.આઈ. રાઠોડને રજૂઆત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે રજૂઆત સાંભળવાને બદલે પી.આઈ. રાઠોડ દ્વારા પત્રકારો અને જાગૃત નાગરિકોના ફોન નંબર જ સીધા બ્લોક કરી દેવામાં આવ્યા છે! જનતાનો અવાજ દબાવવા મથતા આવા અધિકારીઓ સામે તાત્કાલિક ધોરણે કડકમાં કડક કાર્યવાહી થવી જરૂરી બની ગઈ છે.

### અમદાવાદ સુધી કેમિકલયુક્ત ઝેરનું સપ્લાય: બીજું લઠ્ઠાકાંડ સર્જવાની તૈયારી?

સૌથી ગંભીર અને ભયાનક બાબત તો એ છે કે મહેમદાવાદની ગેરકાયદે ભઠ્ઠીઓમાં ઝેરી કેમિકલયુક્ત દેશી દારૂ બનાવીને સીધો અમદાવાદ શહેર સુધી સપ્લાય કરવામાં આવી રહ્યો છે. જો આ કેમિકલયુક્ત ઝેરી દારૂના કારણે ભૂતકાળની જેમ કોઈ મોટું લઠ્ઠાકાંડ કે જાનહાનિ થશે, તો એનો જવાબદાર કોણ? શું પોલીસ તંત્ર અને જિલ્લા વહીવટી તંત્ર કોઈ મોટી હોનારત અને નિર્દોષ લોકોના મોતની રાહ જોઈ રહ્યું છે?

### જિલ્લા પોલીસ વડા (SP) ની રહસ્યમય મૌન અવસ્થા: ઠેક ઉપર સુધી સેટિંગ?

આ સમગ્ર કાળા કારોબારમાં મહેમદાવાદના પી. આઈ. રાઠોડ જેટલા જ ગુનેગાર ખેડા જિલ્લાના પોલીસ વડા (SP) અને એલસીબી (LCB) પણ સાબિત થઈ રહ્યા છે. આટલા મોટા પાયે દારૂ અને જુગારના અડ્ડાઓ ચાલતા હોવા છતાં જિલ્લા પોલીસ વડા કેમ મૌન ધારણ કરીને બેઠા છે? શું જિલ્લાના વડાને પોતાના જ તાબા હેઠળના મહેમદાવાદ સ્ટેશનમાં ચાલતા આ લાખોના વહીવટની ખબર નથી, કે પછી આંખ આડા કાન કરવા માટેનું સેટિંગ છેક 'ઉપર' સુધી પહોંચેલું છે?

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, જ્યારે પણ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) કે અન્ય એજન્સી દ્વારા જિલ્લામાં રેડ પાડવાનું આયોજન થાય છે, ત્યારે એસએમસીની રેડ પડે તે પહેલાં જ સ્થાનિક સ્તરે બાતમી લીક કરી દેવામાં આવે છે! આ હકીકત જ પુરવાર કરે છે કે આ ભ્રષ્ટ સિન્ડિકેટની પકડ કેટલી ઊંડી છે.

### ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને સરકારને સીધો પડકાર!

રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી મંચ પરથી 'ગુજરાતમાં અસામાજિક તત્વો અને દારૂના અડ્ડા ચલાવનારાઓને છોડવામાં નહીં આવે' તેવી કડક ચિમકીઓ આપતા રહે છે. પરંતુ મહેમદાવાદના પી.આઈ. રાઠોડ, તેમનો વહીવટદાર વિનુ અને મૌન બનીને બેઠેલા જિલ્લાના પોલીસ વડા જાણે સીધો ગૃહ વિભાગ અને સરકારના દાવાઓની ધજગ્યા ઉડાવી રહ્યા છે!

### ■ પાક્કો ગુજરાત ન્યૂઝનો સીધો પ્રહાર: SMC માં સત્તાવાર કમ્પ્લેઇન!

કાયદો અને વ્યવસ્થાની આ ઘોર બેદરકારી, અસામાજિક તત્વો સાથેની મિલીભગત અને હપ્તાખોરીના ખેલ સામે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' ક્યારેય મૌન નહીં રહે! આ કાળા કારોબાર, કેમિકલયુક્ત દારૂના નેટવર્ક અને પી.આઈ. રાઠોડ તથા વહીવટદાર વિનુની હપ્તાખોરી અંગે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) માં પુરાવા સાથે સત્તાવાર લેખિત ફરિયાદ ઠોકી દેવામાં આવી છે. હવે જોવાનું એ રહે છે કે ગાંધીનગર બેઠેલું ગૃહવિભાગ અને કાયદાનું શાસન આ ભ્રષ્ટ પી.આઈ. રાઠોડ, વહીવટદાર વિનુ અને મૌન સેવનારા જિલ્લા પોલીસ વડા સામે તાત્કાલિક સસ્પેન્શન સહિતના કડક પગલાં લે છે કે પછી ખાખીના આ કાળા કારોબાર સામે અંધ બનીને તમાશો જ જોશે? 'પાક્કો ગુજરાત' આ મામલે છેલ્લે સુધી લડત ચાલુ રાખશે!

## ભારે વરસાદથી જામ્બુવા નદીનું રૌદ્ર સ્વરૂપ : જામ્બુવા ગામ સંપર્ક વિહોણું બનતાં જનજીવન ઠપ્પ

**નદીના ધસમસતા પૂરના પાણી માર્ગો પર ફરી વળતાં જામ્બુવા ગામ સંપૂર્ણપણે સંપર્ક વિહોણું બની ગયું છે, જેના પગલે સ્થાનિક રહીશોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે**



વડોદરા

ઉપરવાસ સહિત સમગ્ર વિસ્તારમાં વરસી રહેલા ભારેથી અતિભારે વરસાદના કારણે પાદર અને વડોદરા આસપાસની નદીઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને જામ્બુવા નદીમાં પાણીની સપાટીમાં ભયજનક વધારો થતાં નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. નદીના ધસમસતા પૂરના પાણી માર્ગો પર ફરી વળતાં જામ્બુવા ગામ સંપૂર્ણપણે સંપર્ક વિહોણું બની ગયું છે, જેના પગલે સ્થાનિક રહીશોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક કલાકોથી સતત પડી રહેલા ધોધમાર વરસાદને કારણે જામ્બુવા નદી બે કાંઠે ઉભરાઈ રહી છે. નદીનું રોદ્ર સ્વરૂપ એટલું ભયાનક છે કે પૂરના પાણી ગામને જોડતા મુખ્ય રસ્તાઓ, નાળા અને કોઝવે પર ફરી વળ્યા છે. રસ્તાઓ પર પાણીનો પ્રવાહ અત્યંત તેજ હોવાથી વાહનવ્યવહાર સંપૂર્ણપણે થંભી ગયો છે. ગામનો બહારની દુનિયા સાથેનો સંપર્ક તૂટી જતાં લોકો ઘરોમાં જ પુરાઈ રહેવા મજબૂર બન્યા છે. જામ્બુવા નદીના જળસ્તરમાં ક્ષણે-ક્ષણે થઈ રહેલા વધારાને કારણે ગામના નીચાણવાળા વિસ્તારો અને નદી કિનારે આવેલા ઘરોમાં પાણી ઘૂસી જવાનો ભય સતાવી રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં પાણીનો ભરાવો શરૂ થઈ જતાં લોકો પોતાનો કિંમતી સામાન ઊંચા સ્થળોએ ખસેડી રહ્યા છે. દૂધ, શાકભાજી અને દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓની પુરવઠો ખોરવાતાં ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને સ્થાનિક વહીવટી તંત્ર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ એલર્ટ મોડ પર આવી ગઈ છે. નદી કિનારે કોઈ પણ વ્યક્તિને ન જવાની અને બિનજરૂરી રીતે બહાર ન નીકળવાની સખત સૂચના આપવામાં આવી છે.

### ભાયાવદર પોલીસનો સપાટો

## મેરવદર ગામની સીમમાં જુગાર રમતા 3 ઝડપાયા, 13 ફરાર : 8 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયું

રાજકોટ

રાજકોટ રેન્જ આઇ.જી. નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર દ્વારા પ્રોહીબીશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નાબૂદ કરવા આપેલી સૂચના અન્વયે નાયબ પોલીસ અધિક્ષક ધોરાજી વિભાગના સિમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ ભાયાવદર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એ. બી.જાડેજા તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન એએસઆઈ શક્તિસિંહ જાડેજા, પીસી. સત્યપાલસિંહ જાડેજા તથા અજયભાઇ સોરઠીયાને મળેલી સંયુક્ત ખાનગી બાતમીના આધારે ભાયાવદરના મેરવદર ગામની વાંધારી સીમમાં જાહેરમાં જુગાર રમતા ઇસમો પર રેડ કરવામાં આવી હતી.



પોલીસે સ્થળ પરથી જુગાર રમતા ૩ આરોપીઓ ધર્મેશભાઇ રામદેભાઇ બાલસ, શ્યામભાઇ ગીગાભાઇ સગારકા અને પુંજાભાઇ નાગાભાઇ તરખાલાની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે રેડ દરમિયાન અન્ય ૧૩ આરોપીઓ, જેમાં નામજોગ ૯ આરોપીઓ ભનુભાઇ મેર, કરણભાઇ મેર, રાજુ પુંજાભાઇ તરખાલા, અરજણભાઇ ખુંટી, નીલેશભાઇ ઉર્ફે ભુરો પરમાર, વિપુલભાઇ કાંધાભાઇ વાઢીયા, રણજીતભાઇ રામદેભાઇ ખુંટી, અનિરૂધ્ધસિંહ ઉર્ફે કાકભા વાળા અને સુભાષભાઇ રામદેભાઇ બાલસ તેમજ અર્ટિગા કારમાં આવેલા અન્ય ચાર અજાણ્યા ઇસમો મળી કુલ ૧૩ આરોપીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી કબ્જે કરેલા મુદ્દામાલમાં રોકડ રકમ રૂ. ૩૨,૯૯૦૦, જુગારને લગતું સાહિત્ય ગંજીપતાના પાના, રૂ. ૧૫,૫૦૦ ની કિંમતના ૨ નંગ મોબાઇલ ફોન, રૂ. ૩૦,૦૦૦ ની ૧ મોટર સાયકલ તથા એક મારુતિ સુઝુકી બલેનો કાર તથા એક અર્ટિગા કાર મળીને કુલ રૂ. ૮,૭૮,૪૯૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સફળ કામગીરીમાં ભાયાવદર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પીઆઇ એ.બી.જાડેજા, એ.એસ.આઇ અરૂણભાઇ ખટાણા, ભાવેશભાઇ બોરીચા, શક્તિસિંહ જાડેજા, પો.કોન્સ નરેન્દ્રભાઇ બાબરિયા, સત્યપાલસિંહ જાડેજા, અજયભાઇ સોરઠીયા તથા ડ્રા.પો.કોન્સ. મનહરસિંહ ચુડાસમા જોડાયા હતા.

## રાજકીય નિવેદનબાજી અને ભાષાની મર્યાદા પર વધતી ચર્ચા: 'સભ્ય સમાજમાં અસભ્ય ભાષાને કોઇ સ્થાન નથી'

### જાહેર ચર્ચામાં મહાત્મા ગાંધીના હત્યારાઓને યોગ્ય ઠેરવનારા અને અહિંસાના સિદ્ધાંતોનું અનાદર કરનારા તત્વો સામે પણ કડક સૈદ્ધાંતિક વલણ અપનાવવાની માંગણી ઉઠી રહી છે

અમદાવાદ

દેશના રાજકારણમાં અને જાહેર જીવનમાં ઉપયોગમાં લેવાતી ભાષાનું સ્તર અને રાજકીય નિવેદનબાજી હાલ ચર્ચાનો મોટો વિષય બન્યો છે. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સત્તાધારી પક્ષ દ્વારા વિપક્ષી નેતાઓ દ્વારા કરાતી અસભ્ય ટિપ્પણીઓ સામે વિરોધ નોંધાવવામાં આવ્યો છે, ત્યારે બીજી તરફ સોશિયલ મીડિયા અને જાહેર મંચો પર સત્તાધારી પક્ષ અને વિપક્ષ - બંને પક્ષોના ભૂતકાળના નિવેદનો તથા તેમના સમર્થકોના વર્તન અંગે પણ લોકોમાં તીખી ચર્ચાઓ જાગી છે. રાજકીય વિશ્લેષકો અને નાગરિકોમાં ચર્ચા થઈ રહી છે કે રાજકારણમાં ભાષાની મર્યાદા બંને તરફથી જળવાવી જોઈએ. વિવેચકો ભૂતકાળમાં કરાયેલી રાજકીય ટિપ્પણીઓ, જેવી કે વિપક્ષી નેતાઓ અને પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ સામે કરાયેલા કટાક્ષોનો ઉલ્લેખ કરીને સવાલ ઉઠાવી રહ્યા છે કે, જ્યારે પોતાના પક્ષ દ્વારા તીખી કે વ્યક્તિગત ટિપ્પણીઓ કરવામાં આવે ત્યારે નૈતિક માપદંડો અલગ કેમ હોઈ શકે? બીજી તરફ, વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાના માધ્યમથી ફ્રીલાન્સ પત્રકારો, યુટ્યુબર્સ, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ અને વિવિધ વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેતા લોકો સામે થતી અભદ્ર ભાષા અને ગાળાગાળી અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાજકીય સમર્થકો દ્વારા વિરોધીઓ સામે જે રીતે નીચલા સ્તરની ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે, તેને લઈને લોકો પ્રશ્ન કરી રહ્યા છે કે તમામ પક્ષોના શીર્ષ નેતૃત્વ દ્વારા પોતાના સમર્થકોને સંયમ જાળવવાની કડક સૂચના કેમ આપવામાં આવતી નથી. જાહેર ચર્ચામાં મહાત્મા ગાંધીના હત્યારાઓને યોગ્ય ઠેરવનારા અને અહિંસાના સિદ્ધાંતોનું અનાદર કરનારા તત્વો સામે પણ કડક સૈદ્ધાંતિક વલણ અપનાવવાની માંગણી ઉઠી રહી છે. ન્યૂઝ ચેનલોની ડિબેટમાં થતી અસભ્ય ભાષા અને વ્યક્તિગત આક્ષેપો સામે તમામ રાજકીય પક્ષોએ પોતાના પ્રવક્તાઓ સામે દાખલારૂપ કાર્યવાહી કરવી જોઈએ તેવો સુર વ્યક્ત થઈ રહ્યો છે.

### ભ્રષ્ટાચારના ખાડા કે વિકાસના?

# ખેમાણા ટોલનાકાથી પાલનપુર સુધીનો રોડ બન્યો 'મરણચીસ', નવો બનેલો માર્ગ ધૂળધાણી!

### નબળી કામગીરીથી વાહનચાલકોના જીવ જોખમમાં, લોકરજૂઆત છતાં તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી લોકરોષ ચરમસીમાએ



**પાલનપુર**

સરકાર દ્વારા હાથ ધરવામાં આવતા વિકાસકામોમાં ભ્રષ્ટાચારના કીડા કેવી રીતે કરોડો રૂપિયાના બજેટને કોરી ખાય છે, તેનો જીવતો-જાગતો પુરાવો બનાસકાંઠા જિલ્લામાં સામે આવ્યો છે. ખેમાણા ટોલનાકા નજીકથી લઈને પાલનપુર સુધીના મહત્વના માર્ગ પર થઈ રહેલું નવીનીકરણનું કામ હવે પ્રજા માટે સુવિધા નહીં પણ આફત સાબિત થઈ રહ્યું છે. હજુ તો આ રોડનું કામ સંપૂર્ણપણે પૂરું પણ નથી થયું, ત્યાં તો તાજેતરમાં જ ડામર પાથરીને નવી મનોરમ્ય સપાટી બનાવાઈ હતી તે જ રોડ પર મસમોટા ખાડા પડી ગયા છે! દરરોજ હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનો અને અસંખ્ય મુસાફરો આ માર્ગ પરથી પસાર થાય છે. જનતા પાસેથી ટોલનાકા પર કડક રીતે ટેક્સ વસૂલવામાં આવે છે, પરંતુ બદલામાં તેમને મળે છે માત્ર ખાડા, ઝાટકા અને અકસ્માતનો ભય. સામાન્ય વરસાદના છાંટા પડતાં જ તાજો બનેલો રોડ ધોવાઈ જવો એ વાતની સ્પષ્ટ સાક્ષી પૂરે છે કે આ કામગીરીમાં ગુણવત્તાના નામે મીંડું રાખવામાં આવ્યું છે. રોડ બનાવવામાં વપરાયેલી સામગ્રી, ડામરનું પ્રમાણ અને સિમેન્ટના સ્તરમાં મસમોટો ભ્રષ્ટાચાર આચરાયો હોવાના ખુલ્લા આક્ષેપો સ્થાનિકો કરી રહ્યા છે. ખેમાણાથી પાલનપુર વચ્ચેના આ બિસ્માર રોડ પરથી રાત-દિવસ પસાર થતા વાહનચાલકો માટે જીવ હથેળીમાં રાખીને વાહન ચલાવવું પડે છે. રાત્રિના સમયે આ ખાડાઓ દેખાતા નથી, જેના કારણે અવારનવાર નાના-મોટા વાહનો સ્લિપ થઈ જાય છે અને ગંભીર અકસ્માતો સર્જાય છે. ગાડીઓના સસ્પેન્શન તૂટી રહ્યા છે અને લોકો આર્થિક તથા શારીરિક નુકસાન વેઠવા મજબૂર બન્યા છે. જનતા પૂછે છે આકરા સવાલો: હજુ તો રોડનું કામ પૂરું પણ નથી થયું, તો બનાવતાની સાથે જ ડામર કેવી રીતે ઉખડી ગયો?

રોડનું સુપરવિઝન કરતા જવાબદાર સરકારી ઈજનેરો (એન્જિનિયરો) આંખ આડા કાન કરીને કઈ કમિશનબાજી ચલાવી રહ્યા છે?

પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા પાણીમાં વહાવી દેનાર ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ ક્યારે કરવામાં આવશે?

## કરોડોના ખાનગી કૌભાંડનો પર્દાફાશ : VMCના વાહનોમાંથી રૂપિયા 70 લાખનું ડીઝલ ચોરાયું

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરામાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) ની તિજોરી પર ત્રાટકતા કૌભાંડીઓનો પાદરા અને વડોદરા પોલીસે ચોંકાવનારો પર્દાફાશ કર્યો છે. કોર્પોરેશનના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા વાહનોમાંથી આશરે ૭૦ લાખ જેટલી માતબર રકમનું ડીઝલ ચોરી કરવાના ગંભીર મામલે પોલીસે સપાટો બોલાવીને ૩ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આ ખુલાસાથી સ્થાનિક રાજકારણ અને કોર્પોરેશનના વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કચરાના નિકાલ, ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન તેમજ અન્ય સરકારી કામગીરીમાં વપરાતા વાહનોમાં દરરોજ લીટરના હિસાબે ડીઝલ પુરાવવામાં આવતું હતું. જોકે, કેટલાક ભેજાબાજ આરોપીઓ દ્વારા લાંબા સમયથી ચોક્કસ નેટવર્ક બનાવીને વાહનોમાંથી ડીઝલ સેરવી લેવાનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું હતું. પ્રાથમિક તપાસમાં આ ચોરીનો આંકડો આશરે ૭૦ લાખ સુધી પહોંચતો હોવાનું સામે આવ્યું છે. કોર્પોરેશનની જાહેર સંપત્તિ અને સરકારી નાણાંની ખુલ્લેઆમ ચોરી થતી હોવાની મળેલી ચોક્કસ માહિતીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આયોજનબદ્ધ દરોડો પાડીને ડીઝલ ચોરીના આ કાળા કારોબારમાં સંકળાયેલા ૩ આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

## સંસ્કારી નગરી વડોદરામાં રોડ કે મોતના કુવા? : ચોમાસાની શરૂઆતમાં જ સ્માર્ટ સિટીના દાવાની પોલ ખુલી!

### શહેરની 'લાઈફ લાઈન' પંડ્યા બ્રિજથી સ્ટેશન રોડ પર વાહન ચલાવવું બન્યું સર્કસના ખેલ જેવું! : મામૂલી વરસાદમાં ખાડાઓમાં પાણી ભરાતાં અકસ્માતનો સતત ભય

**બનાસકાંઠા**

સંસ્કારી નગરી તરીકે ઓળખાતા વડોદરા શહેરમાં ચોમાસાની શરૂઆત થતાંની સાથે જ પાલિકા તંત્રના પ્રી-મોન્સૂન કામગીરીના પોકળ દાવાઓનો પર્દાફાશ થઈ ગયો છે. શહેરના મુખ્ય માર્ગોની બિસ્માર અને ખસ્તા હાલત સામે આવવા લાગી છે. ખાસ કરીને શહેરની 'લાઈફ લાઈન' ગણાતા અને સૌથી વ્યસ્ત વિસ્તાર પંડ્યા બ્રિજથી રેલવે સ્ટેશન તરફ જતા મુખ્ય માર્ગ પર રસ્તાની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. ઠેર-ઠેર પડેલા નાના-મોટા ઊંડા ખાડાઓને કારણે વાહનચાલકો ભારે મુશ્કેલી અને ભયનો સામના કરી રહ્યા છે. પંડ્યા બ્રિજથી સ્ટેશન તરફનો આ માર્ગ શહેરનો અતિ મહત્ત્વનો માર્ગ છે, જ્યાંથી રોજના હજારો નાના-મોટા ખાનગી વાહનો, સિટી બસો અને એસ.ટી. બસો સતત પસાર થાય છે. પરંતુ હાલમાં આ રોડ પરથી વાહન ચલાવવું એ કોઈ જોખમી સર્કસના ખેલ જેવું બની ગયું છે. ખાડાઓમાંથી વાહન બચાવવાના પ્રયાસમાં વાહનચાલકો વચ્ચે અંદરોઅંદર અકસ્માત થવાનો સતત ભય રહે છે, જેના કારણે વાહનચાલકો અને સ્થાનિક રાહદારીઓમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકો અને નિયમિત વાહનચાલકો માટે સૌથી મોટી ચિંતા એ છે કે જ્યારે પણ મામૂલી વરસાદ પડે છે, ત્યારે આ ઊંડા ખાડાઓમાં પાણી ભરાઈ જાય છે. પાણી ભરાવાને કારણે રોડ પર ક્યાં ખાડો છે તે દેખાતું જ નથી. પરિણામે, ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો અચાનક ખાડામાં પછડાવાથી સ્લિપ થઈને પડી જાય છે અને શારીરિક ઈજાઓનો ભોગ બની રહ્યા છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે પ્રી-મોન્સૂન કામગીરી અને રોડ રિપેરિંગ પાછળ કરોડો રૂપિયાના અંધાધૂંધ ખર્ચના દાવા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પહેલા જ વરસાદમાં આ તમામ દાવાઓ ધોવાઈ જાય છે. સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોની માંગ છે કે મહાનગરપાલિકા તંત્ર તાત્કાલિક કુંભકર્ણની નિંદ્રામાંથી જાગે અને પંડ્યા બ્રિજથી સ્ટેશન રોડનું યુદ્ધના ધોરણે યોગ્ય રિપેરિંગ કે પેચવર્ક કામ પૂરું કરે, જેથી નિર્દોષ વાહનચાલકોના જીવ જોખમમાં મૂકાતા અટકે.

## GIDC રદની માંગ વધુ ઉગ્ર બની: દાહોદમાં 13 ઓગસ્ટે ખેડૂતોની મહારેલી, 18થી અનિશ્ચિત મુદતના ધરણાંની ચીમકી

**દાહોદ**

દાહોદ જિલ્લાના છાંયણ ગામે આદિવાસી ખેડૂત આગેવાન મુકેશભાઈ એસ. ડાંગીની અધ્યક્ષતામાં GIDC રદ કરવાની માંગને લઈને આગેવાનો અને ખેડૂતોની વિશાળ બેઠક યોજાઈ હતી. બેઠકમાં આગામી દિવસોમાં આંદોલનને વધુ વ્યાપક અને અસરકારક બનાવવા માટેની રણનીતિ ઘડવામાં આવી હતી. મોટી સંખ્યામાં ખેડૂતો અને વિવિધ વિસ્તારોના આગેવાનો બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ આગામી તા. 13 ઓગષ્ટના રોજ દાહોદ ખાતે જાહેરસભાનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ GIDC વિસ્તારના ખેડૂતો, દિલ્હી-મુંબઈ કોરિડોર હાઈવે, ડોમેસ્ટિક એરપોર્ટ, નવી રેલવે લાઈન તેમજ દહેગામ-કુશલ ગઢ ફોર લેન માર્ગ સહિત પાંચ વિવિધ વિકાસ યોજનાઓના અસરગ્રસ્ત ખેડૂતો રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી અંતિમ અલ્ટીમેટમ આપશે.આ બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે, જો 17 ઓગષ્ટ 2026 સુધી તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો 18 ઓગષ્ટથી જિલ્લા કલેક્ટર કચેરી બહાર અનિશ્ચિત મુદતના ધરણાં શરૂ કરવામાં આવશે.

### સમય સામેની રેસમાં સર્જાયો માનવતાનો ઇતિહાસ

## એક હૃદય માટે દેશના ઈતિહાસમાં પહેલીવાર વંદે ભારત અંકલેશ્વર રોકાઈ!

**ભરૂચ/અંકલેશ્વર**

અકસ્માતે 22 વર્ષીય અતુલ ભાવેશભાઈ પટેલનું જીવન છીનવી લીધું, પરંતુ તેના પરિવારના એક નિર્ણયે છ પરિવારોમાં નવી આશા જગાવી. હાંસોટ તાલુકાના અલવા ગામના અતુલને બ્રેઈન ડેડ જાહેર કરાયા બાદ પરિવારજનોએ હૃદય, લિવર, બંને કિડની, સ્વાદુપિંડ અને ચક્ષુઓનું દાન કરવાનો નિર્ણય લીધો. ત્યારબાદ સમય સામેની એવી જંગ શરૂ થઈ કે દેશમાં પ્રથમ વખત સ્ટોપેજ ન ધરાવતી વંદે ભારત એક્સપ્રેસને માત્ર એક હૃદય માટે અંકલેશ્વર રેલવે સ્ટેશન પર ખાસ રોકવામાં આવી.



અંકલેશ્વરની શ્રીમતી જયાબેન મોદી મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં અંગદાનની પ્રક્રિયા પૂર્ણ થતાં જ હૃદયને ગ્રીન કોરિડોર મારફતે સીધું અંકલેશ્વર રેલવે સ્ટેશન પહોંચાડવામાં આવ્યું. પાણી પુરવઠા મંત્રી ઈશ્વર પટેલના પ્રયાસોથી રેલવે તંત્રએ તાત્કાલિક મંજૂરી આપતાં વંદે ભારત ટ્રેનને વિશેષ હોલ્ટ આપવામાં આવ્યો અને હૃદયને અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં પ્રત્યારોપણ માટે રવાના કરવામાં આવ્યું. હૃદય ઉપરાંત લિવર, બંને કિડની અને સ્વાદુપિંડને અમદાવાદની IKDRC હોસ્પિટલ સુધી પહોંચાડવા ભરૂચ જિલ્લા પોલીસના સંકલન હેઠળ બીજો ગ્રીન કોરિડોર તૈયાર કરવામાં આવ્યો. ભરૂચ સહિત રાજ્યના વિવિધ શહેરો અને ગ્રામ્ય પોલીસ, તબીબો અને ડોનેટ લાઈફની ટીમે સમય સામેની આ જંગમાં અસાધારણ સંકલન દર્શાવ્યું. અતુલની માતા રંજનબેન અને પરિવારજનોએ દુઃખ વચ્ચે માનવતાને પસંદ કરી કહ્યું કે, 'શરીર તો એક દિવસ રાખ બની જવાનું છે, જો અમારા દીકરાના અંગોથી કોઈને જીવન મળે તો એ જ અમારી સૌથી મોટી શ્રદ્ધાંજલિ છે.' પરિવારના આ નિર્ણયે સમગ્ર રાજ્યને ભાવવિભોર કરી દીધું. આ ડોનેટ લાઈફ દ્વારા કરાવવામાં આવેલું 59મું હૃદયદાન અને ભરૂચ જિલ્લામાંથી થયેલું ત્રીજું હૃદયદાન છે.

### MRC કમિટીનો બહિષ્કાર કરનાર વાઘપર અને પીલુડીના ખેડૂતોનું કરાયું ભવ્ય સન્માન!

## મોરબીમાં ખેડૂત આંદોલન બન્યું બેકાબૂ અને ઉગ્ર! જેતપરમાં ભાજપના નેતાઓની પ્રવેશબંધીના લાગ્યા બોર્ડ

**મોરબી**

મોરબી જિલ્લામાંથી આ સમયે સત્તાધારી પક્ષ અને સ્થાનિક પ્રશાસનની ઊંઘ ઉડાડી દેતા સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ખેડૂતોના અવાજ અને વિરોધનો સૂર હવે એટલો ઉગ્ર અને આક્રમક બની ચૂક્યો છે કે ગ્રામીણ વિસ્તારોમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. પોતાની પડતર માગણીઓ અને અન્યાય સામે અવાજ ઉઠાવી રહેલા મોરબીના અન્નદાતાઓ હવે આરપારના મોરચે આવી ગયા છે, જેનો જીવંત પુરાવો જેતપુર ગામમાં જોવા મળ્યો છે. જેતપુર ગામના સીમાડા પર અને મુખ્ય માર્ગો પર ખેડૂતો દ્વારા ભાજપના નેતાઓ માટે 'પ્રવેશબંધી' દર્શાવતા બેનરો અને બોર્ડ મારી દેવામાં આવ્યા છે. આ બેનરો તંત્ર અને સત્તાધારી પક્ષના મોઢા પર સીધો તમાચો સમાન છે. ખેડૂતોનો સ્પષ્ટ સંદેશ છે કે જ્યાં સુધી તેમની ન્યાયિક માગણીઓ સંતોષવામાં નહીં આવે અને ખેડૂતવિરોધી નીતિઓ બંધ નહીં થાય, ત્યાં સુધી કોઈ પણ ભાજપના નેતાએ ગામમાં પગ મૂકવાની હિંમત કરવી નહીં. આ ઘટના બાદ રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. બીજી તરફ, આ આંદોલનને વધુ મજબૂત બનાવતા વાઘપર અને પીલુડી ગામના ખેડૂતોનું જાહેરમાં વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું છે. MRC (એમ.આર.સી.) કમિટીનો સ્પષ્ટપણે અસ્વીકાર કરીને ખેડૂત એકતાનો પરિચય આપનાર આ બંને ગામોના ખેડૂતોને આંદોલનકારીઓએ બિરદાવ્યા હતા. ખેડૂતોનું માનવું છે કે તંત્ર દ્વારા બનાવવામાં આવતી આવી કમિટીઓ માત્ર ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનું અને આંદોલનને નબળું પાડવાનું કામ કરે છે, તેથી જ તેનો બહિષ્કાર કરનારા ખેડૂતોનું સન્માન કરી અન્ય ગામોને પણ લડતમાં જોડાવા આહ્વાન કરવામાં આવ્યું છે. અત્યારે મોરબીના ગામડે-ગામડેથી એક જ અવાજ ઉઠી રહ્યો છે - 'હક્ક નહીં તો લડત નહીં!'. સત્તાના નશામાં ચૂર નેતાઓ સામે ખેડૂતોનો આ રોષ હવે જ્વાળામુખીનું રૂપ ધારણ કરી ચૂક્યો છે.

### મનપાની ઘોર બેદરકારી સામે ઊઠ્યા ગંભીર સવાલો

## નડિયાદ શહેરમાં 40 વર્ષ જૂના જર્જરિત કશ્યપ એપાર્ટમેન્ટની ગેલેરી ધરાશાયી, મોટી દુર્ઘટના ટળી!

**નડિયાદ**

નડિયાદ શહેરમાંથી એક અત્યંત ચિંતાજનક અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. શહેરના હાર્દ સમાન વિસ્તારમાં આવેલું અને આશરે ૪૦ વર્ષ જૂનું કશ્યપ એપાર્ટમેન્ટ આજે મોટો અકસ્માત સર્જતા સર્જતા રહી ગયું છે. લાંબા સમયથી જર્જરિત હાલતમાં ઉભેલા આ એપાર્ટમેન્ટની ગેલેરીનો એક મોટો ભાગ અચાનક જ કડાકાભેર જમીનદોસ્ત થઈ ગયો હતો. ગેલેરી ધરાશાયી થતાં જ આસપાસના વિસ્તારમાં મોટો ધડાકો થયો હતો અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે, જે સમયે આ ઘટના બની ત્યારે ગેલેરીની નીચે કે આસપાસ કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી એક મોટી જાનહાનિ અને દુર્ઘટના ટળી છે. પરંતુ આ ઘટનાએ એપાર્ટમેન્ટમાં રહેતા ડઝનબંધ પરિવારોના હૃદયમાં ફફડાટ વ્યાપી દીધો છે. કશ્યપ એપાર્ટમેન્ટની સ્થિતિ છેલ્લા ઘણા સમયથી અત્યંત ભયજનક બની ગઈ હતી. ચોમાસાની ઋતુમાં અને સામાન્ય દિવસોમાં પણ છત અને પિલર પરથી સિમેન્ટના પોપડા ખરવા એ દૈનિક ક્રમ બની ગયો હતો. આમ છતાં, અન્ય કોઈ વિકલ્પ ન હોવાને કારણે અહીં રહેતા પરિવારો પોતાના અને પોતાના ભૂલકાંઓના જીવ જોખમમાં મૂકીને રહેવા માટે મજબૂર બન્યા છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે તેઓ દરરોજ મોતના છાયા હેઠળ જીવી રહ્યા છે. આ સમગ્ર દુર્ઘટના બાદ નડિયાદ મહાનગરપાલિકાની કામગીરી અને નીતિ-રીતિ સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે. આટલી જૂની, ખડકાયેલી અને અત્યંત ભયજનક સ્થિતિમાં પહોંચેલી ઈમારત મનપાના અધિકારીઓના ધ્યાને કેમ ન આવી? શું મનપા કોઈ મોટા અકસ્માત અને નિર્દોષ લોકોના મોતની રાહ જોઈ રહી છે? સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તેઓ આક્ષેપ કરી રહ્યા છે કે તંત્ર દ્વારા માત્ર કાગળ પરની કામગીરી કરવામાં આવે છે, નક્કર સ્થળ તપાસ કે ભયજનક ઈમારત ખાલી કરાવવાની કોઈ કામગીરી કરવામાં આવતી નથી.

## વાગરા: દોસ્તોનો કિલ્લોલ આક્રંદમાં ફેરવાયો, લીમડી ગામના બે આશાસ્પદ યુવાનો ઊંડા કાંસમાં વિલીન, આખો પંથક હિબકે ચડ્યો!

**વાગરા, સૈફ અલી ભટ્ટી**

જીવનની મસ્તીમાં ચૂર થઈને એકસાથે નીકળેલા મિત્રોને ખબર ન હોતી કે આજની આ રમત તેમના માટે આખરી સાબિત થશે. વાગરા તાલુકાના લીમડી-અંભેલ માર્ગ પર આવેલો કાંસ આજે બે પરિવારો માટે કાળમુખો સાબિત થયો છે. ગરમીથી રાહત મેળવવા અને સંગાથ માણવા પાણીમાં ઉતરેલા મિત્રોની ખુશીઓ ક્ષણવારમાં ચીસાચીસમાં ફેરવાઈ ગઈ. કુદરતની એવી તો નિર્દય ક્રૂરતા સામસામે આવી કે જોતજોતામાં ઊંડા પાણીનો પ્રવાહ લીમડી ગામના બે આશાસ્પદ યુવાનોને ખેંચી ગયો. કાંસના કિનારે બેઠેલા સાથીઓએ પોતાના જીવના જોખમે એક મિત્રને તો કાળના મુખમાંથી સહીસલામત બહાર ખેંચી લીધો, પરંતુ બાકીના બે મિત્રો ઊંડા જળમાં ઓઝલ થઈ ગયા છે. આ કાળજા કંપાવનારા સમાચાર વાયુવેગે પ્રસરી જતાં આખું લીમડી ગામ ઘટના સ્થળે દોડી આવ્યું હતું. વહાલસોયા દીકરાઓને આંખો



સામેથી ગાયબ થયેલા જોઈને માતા-પિતા અને પરિવારજનોના હૃદયવિદારક આક્રંદથી સીમ-વગડો પણ રોઈ પડ્યો છે. હાલ તો સ્થાનિક તરવૈયાઓ, વાગરા પોલીસ અને ૧૦૮ ની ટીમ દ્વારા પાણીના ઊંડાણમાં બંને યુવકોની શોધખોળ ચાલી રહી છે. પરંતુ કિનારે ઊભેલા લોકોની ભીની આંખો અને મૌન ઉપાસના માત્ર એક જ આશા સેવી રહી છે કે કોઈ ચમત્કાર થાય. જ્યાં ઘડીઓ પહેલાં જુવાનીનો થનગનાટ હતો, ત્યાં હવે માત્ર માતમ અને કાળજું કોરી ખાતો કરૂણ સન્નાટો વ્યાપી ગયો છે. લાપતા બનેલા યુવકોને શોધવા આખો વિસ્તાર ઘમરોળવામાં આવી રહ્યો છે.

### કોબા-ભાટમાં 14,000 વૃક્ષોનું વાવેતર

## સફાઈકર્મીઓ સહિતના લાભાર્થીઓને રૂા.2.55 લાખથી વધુની સહાય અર્પણ

**ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકાના 62મા સ્થાપના દિવસની આજે 2 ઓગસ્ટે કોબા તળાવ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ખાસ ઉપસ્થિત CM ભૂપેન્દ્ર પટેલે વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતનો સંદેશ પાઠવ્યો આવ્યો હતો. આજના આ ખાસ દિવસે કોબા - ભાટ ખાતે કુલ 14,000 વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત સફાઈકર્મીઓ સહિતના લાભાર્થીઓને 2.55 લાખથી વધુની સહાય અર્પણ કરાઈ હતી. આજના કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના હેતુથી તૈયાર કરાયેલા કેચ ધ રેઈન પ્રોજેક્ટની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ વિશિષ્ટ સિસ્ટમમાં એકત્ર થતું વરસાદી પાણી લીફ ટ્રેપ સ્ક્રીન, ફિલ્ટર સેન્ડ




અને ચારકોલમાંથી પસાર થઈ પ્રાથમિક રીતે શુદ્ધ થયા બાદ વી-વાયર સ્ક્રીન અને બોરવેલ મારફતે જમીનમાં ઉતરે છે. આ સિસ્ટમની અંદાજિત રિચાર્જ ક્ષમતા પ્રતિ મિનિટ 15થી 20 લિટરની છે. જેના નિરીક્ષણ બાદ મુખ્યમંત્રીના હસ્તે મહાનગરપાલિકાના 5 શ્રેષ્ઠ સફાઈકર્મીઓને પ્રોત્સાહનરૂપે રૂ. 10,000 ના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પીએમ સ્વનિધિ યોજના હેઠળ 8 નાના વ્યવસાયકારોને કુલ રૂ. 2,55,000ની લોન સહાય, આયુષ્માન ભારત કાર્ડ તેમજ શહેરની શાળાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકોની કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આજે સ્થાપના દિવસ નિમિત્તે સમગ્ર શહેરમાં અન્ય લાભાર્થીઓને પણ સહાય પહોંચાડવામાં આવી હતી. જ્યારે આઈસીડીએસ યોજના અંતર્ગત 1500 જેટલી માતાઓને પોષણ કિટ તથા પ્રધાનમંત્રી ટી.બી. મુક્ત ભારત અભિયાન હેઠળ જુદા-જુદા પીએચસી સેન્ટરો ખાતે 100 જેટલા ક્ષયરોગના દર્દીઓને વિશેષ પોષણ કિટ અપાઈ હતી. આ શુભ અવસરે મહાનગરપાલિકા દ્વારા ઉપસ્થિત સૌ નગરજનો માટે સુખડીનું વિતરણ કરીને મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

### 4 જુગારીઓ ઝડપાયા, 71 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

## પાદરા પાસે ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ ઉપર પોલીસનો દરોડો

**પાદરા**

પાદરા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા વિસ્તારમાં ગુનાખોરી પર અંકુશ મેળવવા અને શાંતિ-સલામતીની વ્યવસ્થા જાળવી રાખવાના ભાગરૂપે સતત નાઈટ તથા ડે પેટ્રોલીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ પેટ્રોલીંગ દરમિયાન પાદરા પોલીસને મળેલી એક ચોક્કસ અને ખાનગી બાતમીના આધારે પોલીસે પાટોદ ગામથી ઝવેરીપુરા જવાના માર્ગ પર આવેલી ખુલ્લી જગ્યામાં દરોડો પાડીને જાહેરમાં જુગાર રમી રહેલા ૪ ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

પાદરા પોલીસ સ્ટેશનના સ્ટાફને ખાનગી રાહે બાતમી મળી હતી કે, પાટોદ ગામથી ઝવેરીપુરા તરફ જતા માર્ગ પર આવેલી એક ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ભેગા થઈને પત્તા-પાના વડે પૈસાની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસ ટીમે સમયસૂચકતા અને ચાલાકી વાપરીને આયોજનબદ્ધ રીતે સ્થળ પર સરપ્રાઈઝ રેડ કરી હતી. પોલીસ જ્યારે સ્થળ પર પહોંચી ત્યારે આ ઈસમો જમીન પર ગોળ કુંડાળું કરીને કોઈની નજર ના પડે તે રીતે જાહેરમાં પત્તા-પાના વડે જુગાર રમવામાં મશગૂલ હતા. પોલીસે ત્વરિત કાયદેસરની કાર્યવાહી કરીને સ્થળ પરથી જ ચારેય ઈસમોને કોર્ડન કરી ઝડપી લીધા હતા.

પોલીસ દરોડા દરમિયાન સ્થળ પરથી રમતના પત્તા, દાવ પર મુકેલી રોકડ રકમ તેમજ આરોપીઓની અંગજડતીમાંથી મળી આવેલી રોકડ રકમ કબ્જે કરવામાં આવી હતી. આ ઉપરાંત આરોપીઓ જુગાર રમવા માટે જે વાહનો લઈને આવ્યા હતા તે એક બાઈક અને એક મોપેડ પણ પોલીસે જપ્ત કર્યા છે.

## તંત્રી લેખ...

### મંદિરમાં સ્વેચ્છાએ વહેતું દાન અને માનવસેવાના ધામોમાં કરાતી વિનંતિ: સમાજ માટે લાલબત્તી સમાન કડવું સત્ય!

આપણા સમાજમાં આજે એક એવી વિચારવા જેવી વિડંબના સર્જાઈ છે, જેના પર જો ઉંડાણપૂર્વક મંથન ન કરવામાં આવે તો આવનારી પેઢીઓ માટે એક મોટો પ્રશ્નાર્થચિહ્ન ઊભો થઈ જશે.

આપણે એક એવા સમાજમાં જીવી રહ્યા છીએ જ્યાં ઈશ્વરના દ્વારે–મંદિરોમાં, ટ્રસ્ટોમાં કે ધાર્મિક સ્થાનકોમાં–લોકો સ્વેચ્છાએ, પોતાના અહંકાર અને શ્રદ્ધાના નામે લાખો-કરોડો રૂપિયાનો 'ચડાવો' ચડાવે છે. પરંતુ બીજી તરફ, જ્યાં ખરેખર જરૂરિયાત છે– જેવા કે ગરીબ બાળકોનું ભવિષ્ય ઘડતી શાળા, અસહાયોનો ઈલાજ કરતી હોસ્પિટલ, અનાથ બાળકોનો સહારો બનતો અનાથાશ્રમ અને જિંદગીના સંધ્યાકાળે એકલવાયું જીવતા વૃદ્ધોનો આશારો બનતો વૃદ્ધાશ્રમ–ત્યાં સંચાલકોએ સમાજ સામે હાથ લાંબો કરીને દાન માટે 'વિનંતિ' કરવી પડે છે.

### શું ધર્મનો સાચો અર્થ પથ્થરની મૂર્તિ પર કરોડપતિયા સોના-ચાંદીના છત્ર ચડાવવામાં જ સીમિત રહી ગયો છે?

મંદિરનું ગર્ભગૃહ વિ. માનવસેવાનું આંગણું: બે અલગ માનસિકતા

જ્યારે કોઈ વ્યક્તિ મંદિરમાં દાન આપે છે, ત્યારે ઘણીવાર તેની પાછળ 'પુણ્ય કમાવવાની', 'પાપ ધોવાની' કે સમાજમાં નામ કમાવવાની ક્ષુલ્લક મનોવૃત્તિ છુપાયેલી હોય છે. મંદિરમાં અપાતું દાન વગર માગ્યે સ્વેચ્છાએ અને સ્પર્ધાત્મક રીતે આવે છે.




પરંતુ, એ જ સમાજનો એક ધનિક વર્ગ જ્યારે અનાથાશ્રમ કે વૃદ્ધાશ્રમની મુલાકાત લે છે, ત્યારે દાન આપતાં પહેલાં સો વાર વિચાર કરે છે. જ્ઞાનના ધામ સમાન શાળાઓને કે સસ્તા દરે સારવાર આપતી સેવાભાવી હોસ્પિટલોને ચલાવવા માટે સમાજના ભલા માણસોએ ઘરે-ઘરે કે શેઠિયાઓ પાસે જઈને ઝોળી ફેલાવવી પડે છે.

### વિચારવા જેવી વાત:

પથ્થરની મૂર્તિ દૂધ કે સોનાથી અભિષેક નથી માગતી, પણ હોસ્પિટલના આઈસીયુ (ICU)માં બેડ પર પડેલો ગરીબ દર્દી દવા માટે એક-એક રૂપિયા માટે ઝૂરતો હોય છે. અનાથાશ્રમનું બાળ પુસ્તક માટે અને વૃદ્ધાશ્રમના દાદા-દાદી એક ટંકના ભોજન માટે સમાજની કરુણાની વાટ જુએ છે.

### સાચો ધર્મ શું છે? પૂજા કે માનવસેવા?

તમામ ધર્મગ્રંથો અને સંતોએ એક જ સુર આપ્યો છે કે 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'.

જે ઈશ્વરે આ સૃષ્ટિ બનાવી છે, તે તમારી પાસે સોના કે ચાંદીની આશા નથી રાખતો.

ઈશ્વર ખુશ ત્યારે થાય છે જ્યારે તમારા દાનથી કોઈ નિરાધાર બાળક ભણીને પગભર બને.

ઈશ્વરની સાચી પૂજા ત્યારે થાય છે જ્યારે કોઈ ગરીબ મા-બાપના બાળકને હોસ્પિટલમાં નવી જિંદગી મળે.

સાચું પુણ્ય ત્યારે મળે છે જ્યારે વૃદ્ધાશ્રમના કોઈ એકાંતમાં જીવતા બુઝુર્ગના ચહેરા પર તમારા કારણે સ્મિત આવે.

સમાજ માટે આહ્વાન: વિચારોની દિશા બદલવાનો સમય આવી ગયો છે

### "પાક્કો ગુજરાત" આ લેખ દ્વારા સમગ્ર સમાજના પ્રબુદ્ધ નાગરિકો, શ્રેષ્ઠીઓ અને ઉધોગપતિઓને અપીલ કરે છે કે પોતાના દાન અને વિચારસરણીની દિશા બદલો.

૧. દાનનો હેતુ બદલો: ધાર્મિક સ્થાનકોમાં ચડાવો ચડાવવાની ના નથી, પરંતુ તે પહેલાં તમારી આસપાસના અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ કે સરકારી શાળાની જરૂરિયાતો જુઓ.

૨. સેવાધામોને આત્મનિર્ભર બનાવો: જો સમાજનો દરેક વર્ગ પોતાની કમાણીનો એક નાનો હિસ્સો સીધો શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે દાન આપવાનું શરૂ કરશે, તો કોઈ આશ્રમ કે શાળાએ દાન માટે ઝોળી ફેલાવવી નહીં પડે.

૩. જીવંત ઈશ્વરને ઓળખો: પથ્થરમાં ઈશ્વર શોધવા જતાં, આપણી આસપાસ જીવતા-જાગતા માણસમાં રહેલા ઈશ્વરને ભૂલી ન જઈએ.

જે દિવસે આપણી અનાથશાળાઓ, વૃદ્ધાશ્રમો અને હોસ્પિટલો વગર માગ્યે દાનથી ઉભરાવા લાગશે, તે દિવસે સમજી લેજો કે આપણો સમાજ સાચા અર્થમાં ધાર્મિક અને સંસ્કારી બન્યો છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# બેન્કોએ મિનિમમ બેલેન્સના નામે ગરીબોના ખિસ્સામાંથી 26,170 કરોડ સેરવી લીધા

નાણાકીય વર્ષ 2025-26ના આંકડા જ જોઈ તો માત્ર એક જ વર્ષમાં ગ્રાહકો પાસેથી રૂ. 7,086.63 કરોડનો દંડ વસૂલવામાં આવ્યો છે. તેમાં ખાનગી બેન્કોનો હિસ્સો જ રૂ. 4,948.71 કરોડ જેટલો મોટો હતો. ખાનગી ક્ષેત્રની HDFC બેન્ક રૂ. 1,798.14 કરોડના દંડ સાથે મોખરે રહી, તો બીજી તરફ સરકારી બેન્કોમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI)એ પણ ગ્રાહકો પાસેથી રૂ. 477.27 કરોડનો દંડ વસૂલ્યો. ગરીબના ખાતામાં કે મધ્યમવર્ગ નોકરિયાત કે મજૂરના ખાતામાં મિનિમમ બેલેન્સ ઓછું થવાની સાથે જ બેન્કની સિસ્ટમ એક્ટિવ થઈ જાય છે અને દંડ વસુલી લે છે. ગ્રાહક પોતાના ખાતામાં બેલેન્સ ઓછું રાખે કે તરત જ સિસ્ટમ કોઈ પણ દયા વગર તેના ખાતામાંથી રૂ. 200 થી રૂ. 600 સુધીનો દંડ કાપી લે છે : બેન્કોના વિરોધાભાસની




પરાકાષ્ઠા ત્યારે આવે છે જ્યારે દેશમાં રૂ. 2,000 નું બેલેન્સ ન રાખવા બદલ ગરીબ નાગરિકનો એક-એક રૂપિયો કાપી લેવાય છે, તે જ દેશમાં કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવનારા ઉદ્યોગપતિઓને બેન્કિંગ સિસ્ટમ વ્યાજમાફી અને નવી લોનના વિકલ્પો આપે છે!

ભારતીય આર્થિક વ્યવસ્થામાં બેન્કોને કરોડરજ્જુ સમાન માનવામાં આવે છે. દેશના સામાન્ય નાગરિકથી લઈને મોટા ઉદ્યોગપતિ સુધીના દરેક વ્યક્તિનો આર્થિક વ્યવહાર બેન્કિંગ સિસ્ટમ પર નિર્ભર છે. પરંતુ, છેલ્લા કેટલાક વર્ષોના આંકડા અને નજરે પડતી વાસ્તવિકતા એક અલગ જ અને ચિંતાજનક ચિત્ર ઉપસાવે છે. છેલ્લા 4 નાણાકીય વર્ષોમાં દેશની બેન્કોએ મિનિમમ એવરેજ બેલેન્સ (MAB) ન જાળવવા બદલ ખાતાધારકો પાસેથી રૂ. 26,170 કરોડથી વધુનો આકરો દંડ વસૂલ્યો છે. નાણાકીય વર્ષ 2025-26ના આંકડા જ જોઈ તો માત્ર એક જ વર્ષમાં ગ્રાહકો પાસેથી રૂ. 7,086.63 કરોડનો દંડ વસૂલવામાં આવ્યો છે. તેમાં ખાનગી બેન્કોનો હિસ્સો જ રૂ. 4,948.71 કરોડ જેટલો મોટો હતો. ખાનગી ક્ષેત્રની HDFC બેન્ક રૂ. 1,798.14 કરોડના દંડ સાથે મોખરે રહી, તો બીજી તરફ સરકારી બેન્કોમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) એ પણ ગ્રાહકો પાસેથી રૂ. 477.27 કરોડનો દંડ વસૂલ્યો.

આ આંકડા માત્ર આંકડા નથી, પરંતુ દેશના કરોડો ગરીબ, મધ્યમવર્ગીય અને છૂટક મજૂરી કરતા લોકોની આર્થિક પીડા અને મજબૂરીનો ચિતાર છે. આ વાસ્તવિકતા બેન્કિંગ વ્યવસ્થાના બેવડા ધોરણો અને તેના પર સરકારની મૌન સંમતિ સામે મોટા પ્રશ્નાર્થચિહ્નો ઊભા કરે છે. આજના ડિજિટલ યુગમાં સરકારે દરેક નાગરિક માટે બેન્ક ખાતું હોવું ફરજિયાત જેવું બનાવી દીધું છે. સરકારી યોજનાઓનો લાભ, સબસીડી, શિષ્યવૃત્તિ કે મજૂરીના નાણાં મેળવવા માટે બેન્ક એકાઉન્ટ અનિવાર્ય છે. પરંતુ આ જ બેન્કોમાં જ્યારે કોઈ ગરીબ કે રોજમદાર વ્યક્તિ કોઈ કારણોસર ખાતામાં નિયત મિનિમમ બેલેન્સ (દા.ત. રૂ. 2,000, રૂ. 5,000 કે રૂ. 10,000) જાળવી નથી શકતો, ત્યારે સિસ્ટમ ઓટોમેટિક મોડ પર કામ કરવાનું શરૂ કરી દે છે.

ચિંતાજનક બાબત એ છે કે, ગરીબના ખાતામાં કે મધ્યમવર્ગ નોકરિયાત કે મજૂરના ખાતામાં મિનિમમ બેલેન્સ ઓછું થવાની સાથે જ બેન્કની સિસ્ટમ એક્ટિવ થઈ જાય છે અને દંડ વસુલી લે છે. ગ્રાહક પોતાના ખાતામાં બેલેન્સ ઓછું રાખે કે તરત જ સિસ્ટમ કોઈ પણ દયા વગર તેના ખાતામાંથી રૂ. 200 થી રૂ. 600 સુધીનો દંડ કાપી લે છે. ઘણી વાર તો ખાતામાં પૈસા ન હોવા છતાં દંડ ઉમેરાતો જાય છે, જેના કારણે ગ્રાહકનું ખાતું 'માઈનસ'માં જતું રહે છે. જ્યારે તે વ્યક્તિ ફરીથી થોડીઘણી મજૂરીના પૈસા ખાતામાં જમા કરાવે છે, ત્યારે તે પૈસા બેન્ક પોતાના દંડ પેટે તરત જ કાપી લે છે. આ કાયદો કાગળ પર ભલે 'બેન્કિંગ શિસ્ત' જાળવવા માટે બનાવવામાં આવ્યો હોય, પરંતુ વ્યવહારમાં તે ગરીબો અને મધ્યમવર્ગનું આર્થિક શોષણ કરવાનું એક મોટું માધ્યમ બની ગયું છે. બેન્કિંગ સેક્ટરની બીજી વ્હાઈટ કોલર માફિયાગીરી છે ઈએમઆઈ ચુકવા ઉપર લાગતો દંડ અને તેની વસુલાત. દેશનો મધ્યમવર્ગ બેન્કોનો સૌથી મોટો ગ્રાહક આધાર છે. હોમ લોન, ઓટો લોન, પર્સનલ લોન કે ક્રેડિટ કાર્ડ, આ બધું જ મધ્યમવર્ગની જરૂરિયાતો પૂરી કરવા માટે વપરાય છે. પરંતુ આ જ મધ્યમવર્ગ જ્યારે કોઈ આર્થિક કટોકટી, નોકરી જતી રહેવી કે બીમારીના કારણે લોનનો એક હપ્તો (EMI) ભરી શકતો નથી, ત્યારે બેન્કોનું વલણ અત્યંત આક્રમક બની જાય છે : જો એક હપ્તો બાઉન્સ થાય, તો બેન્ક ગ્રાહક પાસેથી બાઉન્સ ચાર્જ અને લેટ પેમેન્ટ પેનલ્ટી વસૂલે છે. તે ઉપરાંત જો બે કે ત્રણ હપતા ન ભરાય ત્યારે રિકવરીની દાદાગીરી શરૂ થાય છે. લોન રિકવરી માટે ગ્રાહકને દિવસ-રાત ફોન કરીને પરેશાન કરવામાં આવે છે. ઘણી વાર તો રિકવરી એજન્ટો દ્વારા ગ્રાહકના ઘરે કે ઓફિસે જઈને માનસિક ત્રાસ આપવાના અને ધમકાવવાના બનાવો પણ સામે આવે છે.

# આધુનિક યુગનો મોટો પડકાર: ડિજિટલ વાલીપણું અને નવી પેઢીનું સંસ્કાર ઘડતર



વર્તમાન સમય ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમત્તાનો યુગ છે. આજે જ્ઞાન અને વિજ્ઞાનના સમન્વયથી આખી દુનિયા માત્ર એક સ્માર્ટફોનની સ્ક્રીન પર આવીને અટકી ગઈ છે. આજના આધુનિક સમયમાં આપણી સામે જે સૌથી નવો અને ગંભીર સામાજિક પડકાર ઊભો થયો છે, તે છે ડિજિટલ વાલીપણું એટલે કે ટેકનોલોજીની વચ્ચે બાળકોનો સાચો ઉછેર. સ્માર્ટફોન અને સોશિયલ મીડિયાની આ આભાસી માયાજાળ વચ્ચે નવી પેઢીને પાયાના સંસ્કારો આપવા અને તેમનું ભવિષ્ય સુરક્ષિત કરવું એ આજના દરેક પરિવારની સૌથી મોટી અને લોકઉપયોગી જવાબદારી બની ગઈ છે.



એક સમય હતો જ્યારે બાળકોનું બાળપણ શેરીની રમતો, દાદા-દાદીની વાર્તાઓ અને પ્રકૃતિના સાન્નિધ્યમાં ખીલતું હતું. પરંતુ આજે સ્થિતિ તદ્દન બદલાઈ ગઈ છે. નાનું બાળક જમવા બેસે ત્યારે પણ તેને સામે સ્માર્ટફોનની સ્ક્રીન જોઈએ છે. ઈન્ટરનેટ પર વહેતા ટૂંકા વીડિયો અને રમતગમતના કારણે બાળકોમાં એકાગ્રતાનો અભાવ, સ્વભાવમાં ચીડિયાપણું અને ભારે એકલતા જેવી માનસિક સમસ્યાઓ જોવા મળી રહી છે. સ્ક્રીન પર મળતી અઢળક માહિતી વચ્ચે સાચું જ્ઞાન અને વાસ્તવિક સંવેદનાઓ ક્યાંક લુપ્ત થઈ રહી છે. બાળકો ડિજિટલ દુનિયામાં એટલા વ્યસ્ત થઈ ગયા છે કે તેઓ સામાજિક સંબંધો અને નૈતિક મૂલ્યોથી વંચિત થઈ રહ્યા છે.

એક શિક્ષક તરીકે જ્યારે હું વિદ્યાર્થીઓની દિનચર્યાને ખૂબ નજીકથી નિહાળું છું, ત્યારે સમજાય છે કે આ સમસ્યાનો ઉકેલ બાળકોને સ્માર્ટફોનથી સંપૂર્ણપણે દૂર રાખવામાં નથી, પણ તેમને તેના સદુપયોગ તરફ વાળવામાં છે. વાલીઓએ પોતે જાગૃત બનીને ઘરમાં ડિજિટલ શિસ્ત લાવવી પડશે. બાળકોની સામે વાલીઓએ પોતે મોબાઈલનો મર્યાદિત ઉપયોગ કરીને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવું પડશે. ઘરના ભોજન ટેબલ પર કે રાત્રે સૂતી વખતે 'મોબાઈલ મુક્ત સમય' નક્કી કરવો એ આજના સમયની પ્રાથમિક જરૂરિયાત છે.

બાળકોના સંસ્કાર ઘડતર માટે સોશિયલ મીડિયાના આભાસી આકર્ષણો પાછળ દોડવા કરતાં તેમને પુસ્તકોના વાંચન, ચિત્રકળા, સંગીત અને રમતગમત જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ તરફ વાળવા પડશે. શાળા અને પરિવારના સંયુક્ત પ્રયાસોથી જ નવી પેઢીને ટેકનોલોજીના ગુલામ બનતા અટકાવી શકાશે. સાહિત્ય અને સંસ્કારનું સિંચન જ બાળકના ચરિત્રને મજબૂત બનાવે છે. સમયની માગ છે કે આપણે ટેકનોલોજીનો ઉપયોગ પ્રગતિના સાધન તરીકે કરીએ, નહિ કે સંસ્કારોના વિનાશ માટે. ચાલો, આજના આ વિશેષ લેખના માધ્યમથી આપણે સૌ વાલીઓ અને શિક્ષકો સાથે મળીને સંકલ્પ કરીએ કે, આપણે બાળકોને માત્ર ડિજિટલ સાધનો નહીં પણ આપણો કિંમતી સમય આપીશું. નવી પેઢીના સુવર્ણ ભવિષ્ય માટે સ્માર્ટફોનના ઉપયોગના સમય પર નિયંત્રણ રાખી મનની શાંતિ અને સંસ્કારોનું અદભુત સામ્રાજ્ય પુનઃ સ્થાપિત કરીશું.

**- રૂપેશ સોલંકી**

# આ તે કેવી લોકશાહી? પ્રજાના પ્રશ્નો, યુવાનોના ભવિષ્ય અને ખેડૂતોના હક પર ઉઠતા તીખા સવાલો!

અમદાવાદ

લોકશાહી એ જનતા દ્વારા, જનતા માટે અને જનતા વડે ચાલતી શાસન વ્યવસ્થા છે. પરંતુ વર્તમાન સમયમાં લોકશાહીના નામે ચાલતી નીતિઓ અને વહીવટી તંત્રના મનસ્વી નિર્ણયો સામે પ્રજામાં ભારે આક્રોશ અને રોષની લાગણી જન્મી છે. રાજ્ય અને દેશના વિવિધ પ્રશ્નોને લઈને આજે આમ જનતા, યુવાનો અને ખેડૂતો સોશિયલ મીડિયાથી લઈને શેરીઓ સુધી તીખા સવાલો ઉઠાવી રહ્યા છે કે, 'શું સત્તામાં હોવું એટલે જનતાના અધિકારોનું હનન કરવું?'

વિદ્યાર્થીઓ અને યુવાનોના ભવિષ્ય સાથે ક્રૂર મજાક

આજે દેશ અને રાજ્યનો યુવા વર્ગ ભારે હાલાકીનો સામનો કરી રહ્યો છે. એક તરફ યુવાનો પોતાના હક અને રોજગારી માટે અવાજ ઉઠાવે ત્યારે તેમની સામે વિરોધ પ્રદર્શન દરમિયાન અમાનુષી બળપ્રયોગ કે આકરા પગલાં ભરવામાં આવે છે, જે લોકશાહીના મૂલ્યો સામે મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે. બીજી તરફ, રાત-દિવસ એક કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા લાખો યુવાનોના સપના પર 'પેપર લીક' થતાં જ પાણી ફરી વળે છે. વારંવાર પેપર ફૂટવાની ઘટનાઓ અને યુવાનોના ભાવિ સાથે થતા ખીલવાડથી લાખો પરિવારમાં આક્રોશનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે.

ખેડૂતોની જમીન પર મનસ્વી નિર્ણયો અને અન્યાય

જે ખેડૂત આખા દેશનું પેટ ભરે છે, તે જ આજે પોતાના ખેતરમાં જમીન અને હક બચાવવા માટે મજબૂર બન્યો છે. કોઈપણ પૂર્વ મંજૂરી કે યોગ્ય વળતર વગર ખેડૂતોના સમૃદ્ધ ખેતરોમાં આડેધડ હાઈટેન્શન પાવરના થાંભલાઓ રોપી દેવાની અને વિકાસના નામે તેમની રોજીરોટી છીનવી લેવાની નીતિઓ સામે ખેડૂત આલમમાં ભારે આક્રોશ છે. 'વિકાસ ચોક્કસ જોઈએ, પણ ખેડૂતોને બરબાદ કરીને નહીં' તેવી બુલંદ ચિચિયારીઓ ગ્રામીણ વિસ્તારોમાંથી ઉઠી રહી છે.

પેટ્રોલ-ઈંધણમાં ભેળસેળ અને ગ્રાહકોની લૂંટ

પ્રજા જ્યારે મોંઘાદાટ ભાવનું એન્જિન ઓઈલ અને પેટ્રોલ-ડીઝલ ખરીદે છે, ત્યારે ઈંધણમાં થતી ભેળસેળ કે ઈથેનોલ/અન્ય તત્વોના નામે ગ્રાહકોના વાહનોના એન્જિન બગડવાની ફરિયાદો પણ વ્યાપક બની છે. મોંઘા ભાવ ચૂકવ્યા પછી પણ જો વાહન માલિકોને ગુણવત્તાયુક્ત ઈંધણ ન મળે અને ગાડીઓના એન્જિન ઠપ્પ થઈ જાય, તો એ સીધેસીધી પ્રજાના ખિસ્સા પરની લૂંટ છે.

લોકશાહીનો સાચો અર્થ સમજવાનો સમય

'પાક્કો ગુજરાત' જનતાના આ અવાજને વાચા આપતા શાસકો અને તંત્રને જગાડવાનો પ્રયાસ કરે છે. લોકશાહીનો અર્થ માત્ર ચૂંટણી જીતીને પાંચ વર્ષ સત્તા ભોગવવી કે પ્રજા પર મનસ્વી નિર્ણયો ઠોપી બેસાડવાનો નથી. લોકશાહીનો સાચો અર્થ પ્રજાની સુખાકારી, યુવાનોને ન્યાય, ખેડૂતોને સમૃદ્ધિ અને ગ્રાહકોના અધિકારોનું રક્ષણ કરવાનો છે. જો તંત્ર અને શાસકો સમયસર જનતાના આ આક્રોશને નહીં સમજે, તો લોકશાહીમાં પ્રજા પોતાના મતાધિકારથી જવાબ આપતા પણ જાણે છે!

# અમેરિકામાં બર્ગર રેસ્ટોરાં બહાર અંધાધૂંધ ગોળીબાર, 3નાં મોત

અમેરિકાના ઈડાહો રાજ્યના ટ્વિન ફોલ્સ શહેરમાં શનિવારે ઈન-એન-આઉટ બર્ગર રેસ્ટોરન્ટમાં અંધાધૂંધ ગોળીબાર થયો. શહેરના અધિકારીઓ અનુસાર ઘટનામાં 3 લોકોના મોત થયા છે, જ્યારે 7 લોકો ઘાયલ થયા છે. ઘણા ઘાયલોની હાલત ગંભીર છે. પોલીસને રેસ્ટોરન્ટ નજીક જ શંકાસ્પદ હુમલાખોરનો મૃતદેહ મળ્યો. જોકે, અધિકારીઓએ હજુ સુધી સ્પષ્ટ કર્યું નથી કે મૃતકોની સંખ્યામાં હુમલાખોરનો સમાવેશ થાય છે કે નહીં. પોલીસ પ્રમુખ મેથ્યુ હિક્સે જણાવ્યું કે હાલમાં વિસ્તારમાં કોઈ જોખમ નથી. હુમલાખોરની ઓળખ અને હુમલાના હેતુની તપાસ કરવામાં આવી રહી છે. નજરેજોનાર મુજબ, હુમલાખોર AR-સ્ટાઈલ રાઈફલ લઈને આવ્યો હતો. ગોળીબાર શરૂ થતાં જ રેસ્ટોરન્ટમાં અફરાતફરી મચી ગઈ અને ગ્રાહકો તથા કર્મચારીઓ જીવ બચાવીને ભાગવા લાગ્યા. ઘણા લોકોએ ઘાયલ કર્મચારીઓને સુરક્ષિત બહાર કાઢવામાં મદદ કરી. આ રેસ્ટોરન્ટ 24 જુલાઈએ જ ખુલ્યું હતું અને ઈડાહોમાં કંપનીના વિસ્તરણનો ભાગ હતું. ઘટના બાદ વિસ્તારને ઘેરીને તપાસ શરૂ કરવામાં આવી છે. સીએનએન સાથે વાત કરતા એક સ્થાનિક શહેર અધિકારીએ જણાવ્યું કે આ ઘટના શનિવારે સ્થાનિક સમય અનુસાર બપોરે લગભગ 2:30 વાગ્યે બની હતી. ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને હુમલાખોરને ઠાર માર્યો. ઘટનાની જાણ થતા જ પોલીસ દળે તરત જ વિસ્તારને ઘેરી લીધો. હુમલાખોરને આત્મસમર્પણ કરવા માટે કહેવામાં આવ્યું, પરંતુ તેણે ગોળીબાર ચાલુ રાખ્યો. આ પછી, પોલીસ દ્વારા કરવામાં આવેલી જવાબી કાર્યવાહીમાં હુમલાખોર ગોળી વાગવાથી માર્યો ગયો. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં એક વ્યક્તિ 'ઈન-એન-આઉટ બર્ગર' રેસ્ટોરન્ટ સામે AR-સ્ટાઈલની અત્યાધુનિક રાઈફલ લહેરાવતો જોવા મળી રહ્યો છે. અન્ય એક વીડિયોમાં તે જ વ્યક્તિ પાર્કિંગમાં ગોળીઓ વરસાવતો જોવા મળ્યો. ઘટનાના તરત જ બાદ સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ અને લોકો પોતાનો જીવ બચાવવા માટે આમતેમ ભાગવા લાગ્યા.

# ઈન્ડોનેશિયામાં 271 લોકોથી ભરેલી બોટમાં આગ: 5ના મોત, 41 ગુમ

ઈન્ડોનેશિયામાં એક મોટી દરિયાઈ દુર્ઘટના સામે આવી છે, જ્યાં 271 લોકોથી ભરેલી એક ફેરીમાં સમુદ્રમાં અચાનક આગ લાગી ગઈ હતી. આ અકસ્માતમાં 5 લોકોના મોત થયા છે. જ્યારે 41 લોકો હજુ પણ ગુમ છે. વિવિધ અહેવાલ મુજબ સર્ચ એન્ડ રેસ્ક્યુ અધિકારીઓ દ્વારા બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. નેશનલ સર્ચ એન્ડ રેસ્ક્યુ એજન્સી (Basarnas) ના જણાવ્યા અનુસાર, કેપ્ટને અહેવાલ આપ્યો હતો કે જ્યારે આ જહાજ પૂર્વ જાવાના ઈન્ડોનેશિયાના બીજા સૌથી મોટા શહેર સુરાબયાથી દક્ષિણ સુલાવેસીના મકાસ્સાર તરફ જઈ રહ્યું હતું, ત્યારે આ દુર્ઘટના ઘટી હતી. 225 મુસાફરોનો બચાવ, રાહત અને બચાવ કામગીરી ચાલુ એજન્સીના ડેટા મુજબ, ફેરીમાં કુલ 271 મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા.



જેમાંથી રવિવાર બપોર સુધીમાં 225 લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. સુરાબયા સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓફિસના વડા નાનાંગ સિગિટના જણાવ્યા અનુસાર, અનેક નજીકના જહાજો બચાવ કામગીરીમાં જોડાયા છે. તેમણે જણાવ્યું હતું કે, 'TB Hasnur 26' અને 'બ્રિટીશ મેન્ટર' જહાજો 'KMP Mutiara Sentosa 2' પરથી કૂદી પડેલા મુસાફરોને બચાવવામાં મદદ કરી રહ્યા છે. હાલમાં ચાર જહાજો ફેરીની સાથે છે. આ ઉપરાંત, સર્ચ-એન્ડ-રેસ્ક્યુ જહાજ 'SAR 249 Permadi' પણ ઘટનાસ્થળે પહોંચી રહ્યું છે, જેને પહોંચવામાં અંદાજે 6 કલાકનો સમય લાગશે. ઘટનાસ્થળના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. જેમાં ફેરીના ઉપલા ડેક પરથી જાડા કાળા ધુમાડાના ગોટેગોટા નીકળતા અને આગ ફેલાતી જોઈ શકાય છે.



પાક્કો ગુજરાત
સોમવાર | 03 ઓગસ્ટ 2026 | અમદાવાદ

## કેન્દ્ર સરકારની ગુજરાતને સણસણતી થપ્પડ: સરકારી યુનિવર્સિટીઓની ગ્રાન્ટમાં ભયાનક કાપ

# શિક્ષણ વ્યવસ્થા તોડી પાડવાનું સુનિયોજિત ષડયંત્ર!

- **રાજ્યની કોલેજોમાં 55% અધ્યાપકો અને 60% સપોર્ટ સ્ટાફની જગ્યાઓ ખાલી: શિક્ષણ બજેટ જીડીપીના 4.6% થી ઘટાડીને 2.5% કરી દેવાયું**

ગાંધીનગર

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) અને કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા ગુજરાત રાજ્યની સરકારી તથા ગ્રાન્ટેડ યુનિવર્સિટીઓ પ્રત્યે સતત આચરવામાં આવી રહેલા હળહળતા અન્યાય અને ઓરમાયા વર્તનનો પર્દાફાશ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે સત્તાવાર આંકડાઓ સાથે ગંભીર આક્ષેપો કર્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓને મળવાપાત્ર નાણાકીય ગ્રાન્ટ અટકાવીને અથવા તદ્દન નજીવી રકમ આપીને રાજ્યના ગરીબ, સામાન્ય અને મધ્યમ વર્ગના હજારો તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણથી વંચિત રાખવાનું એક સુનિયોજિત કાવતરું ચલાવવામાં આવી રહ્યું છે. ચોંકાવનારી વાસ્તવિકતા એ છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં કેન્દ્ર સરકાર દ્વારા ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, કચ્છ યુનિવર્સિટી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી તથા આઈઆઈએમ સહિતની ૬ મુખ્ય પબ્લિક યુનિવર્સિટીઓને વિવિધ યોજનાઓ અંતર્ગત મળવાપાત્ર ગ્રાન્ટનો એક પણ રૂપિયો ફાળવવામાં આવ્યો નથી. એટલું જ નહીં, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને છેલ્લા સતત ચાર વર્ષથી ગ્રાન્ટ પેટે 'શૂન્ય' રકમ આપીને ગુજરાતના શૈક્ષણિક માળખાને પાયામાંથી હચમચાવી દેવામાં આવ્યું છે.



ગુજરાતમાં સરકારી અને ગ્રાન્ટેડ શિક્ષણ વ્યવસ્થાને ખાનગી ક્ષેત્રના દબાણ હેઠળ તોડી પાડવાની ભાજપ સરકારની નીતિ છતી થઈ રહી છે. ઓછી ફીમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવતા સામાન્ય પરિવારના બાળકો માટે ઉચ્ચ શિક્ષણના દરવાજા બંધ થઈ રહ્યા છે. પબ્લિક યુનિવર્સિટીઓની ગ્રાન્ટ બંધ કરીને ખાનગી યુનિવર્સિટીઓને બેફામ ફી ઉઘરાવવાના લાઈસન્સ આપવામાં આવી રહ્યા છે. અત્યંત શરમજનક બાબત એ છે કે જે જિલ્લામાંથી ગુજરાતના શિક્ષણ મંત્રી આવે છે, તે કચ્છ યુનિવર્સિટીને પણ છેલ્લા બે વર્ષથી શૂન્ય ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. બીજી તરફ, રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં લાંબા સમયથી આચાર્યો (પ્રિન્સિપાલ)ની કાયમી ભરતી કરવામાં આવતી નથી. ૪૫ ટકાથી લઈને ૫૫ ટકા જેટલી અધ્યાપકો (પ્રોફેસરો)ની જગ્યાઓ વર્ષોથી ખાલી પડી છે, જ્યારે લેબ આસિસ્ટન્ટ અને લાઈબ્રેરીયન સહિતની બિન-શૈક્ષણિક સ્ટાફની ૬૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી રાખીને શિક્ષણનું સ્તર સતત કથળાવવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકારના પોતાના નીતિ આયોગના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ મેળવવામાં ભારે મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. રાજ્યમાં દર ૧૦૦ વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવવાનો આંકડો માત્ર ૧૮ થી ૨૨નો જ છે, જેનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે ધોરણ ૧૨ પછી રાજ્યના ૭૮ થી ૮૨ ટકા જેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકતા જ નથી.

નાણાકીય વિશ્લેષણ કરતા ડૉ. હિરેન બેન્કરે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ સુધી દેશમાં યુપીએ કોંગ્રેસ સરકાર શિક્ષણ પાછળ દેશના જીડીપીના ૪.૬ ટકા જેટલી રકમ ફાળવતી હતી. જેની સામે વર્તમાન ભાજપ સરકારે શિક્ષણ બજેટમાં સતત કાપ મૂકીને તેને જીડીપીના માત્ર ૨.૫ ટકા કરી દીધું છે.

# શિનોર તાલુકાના ઉતરાજથી દિવેરના રસ્તા પર વીજ કંપનીના થાંભલા નમી જતાં જાનહાનિનો ભય

### વીજ કંપનીની કામગીરી નો છેદ ઉડાડતી ઉતરાજ-દિવેર રોડ પર સુરાશામળ ફિડરની તસવીરો



સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકામાં વીજ કંપની દ્વારા મેન્ટેનન્સ તથા મરામતના બહાનાઓ ના ઓથે , આખાને આખા દિવસો લાઈટો બંધ રાખવામાં આવે છે, છતાં પણ બે ગામોના રસ્તા વચ્ચે આવતા ફીડરો ઉપર ઊગી નીકળેલ લીલોતરી ઝાડી અને નમી ગયેલા થાંભલા બાબતે કોઈ ધ્યાન આપવામાં આવતું નથી અને જેના કારણે મોટી જાનહાનિ થવાની સંભાવના ઊભી થયેલ છે. શિનોર તાલુકાના ઉતરાજ ગામથી દિવેર ગામ તરફ જવાનો પાકો રસ્તો બનાવવામાં આવેલો છે. અને આ રસ્તાની બંને તરફ ખેડૂતોના ખેતરો આવેલા છે જેમાં કુવા માટેના કનેક્શનો પણ લેવામાં આવેલા છે. જેથી આ વિસ્તારના વીજ કર્મચારીઓ આ પંથકની મુલાકાત લેતા હોય એ સહજ છે. પરંતુ તાજેતરમાં આ વરસાદી માહોલ વચ્ચે આ રસ્તા વચ્ચે આવેલા સુરાસામળ ફીડરના વિદ્યુત લાઈનના જોડીયા થાંભલા નમી ગયેલા દેખાય છે અને અન્ય થાંભલા ઉપર લીલોતરી ઝાડી વિદ્યુત તારો સુધી ઊગી નીકળેલી દેખાય આવે છે. જે ભવિષ્યમાં જાનહાનિનો ભય બની શકે તેમ છે. વીજ કંપની આ બાબતે પણ તાત્કાલિક કામગીરી કરે એવી આ પંથક ની માંગ છે.

### દાંતા-હડાદ તાલુકાની

# આંગણવાડીઓમાં બાળકોના "ટેક હોમ રેશન" THRમાં ભ્રષ્ટાચાર અને અનિયમિતતાના આક્ષેપો

દાંતા

દાંતા અને હડાદ તાલુકાની આંગણવાડીઓમાં 6 મહિનાથી 6 વર્ષના બાળકો, સગર્ભા-ધાત્રી માતાઓ અને કિશોરીઓના પોષણ માટે સરકાર દ્વારા આપવામાં આવતા 'ટેક હોમ રેશન - THR' ના વિતરણમાં મોટા પાયે ગેરરીતિ અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. સરકાર કાગળ પર બાળકોના પોષણ માટે કરોડો રૂપિયાનો ખર્ચ બતાવે છે. નિયમ મુજબ દરેક લાભાર્થીને દર મહિને નિર્ધારિત પ્રમાણમાં રાશન મળવું જોઈએ. નિયમ મુજબ મળવાપાત્ર THR: 1. 6 મહિના થી 3 વર્ષના બાળકો: 'બાલ શક્તિ' ના 7 થી 10 પેકેટ, 500 ગ્રામ પ્રતિ પેકેટ, 2. સગર્ભા અને ધાત્રી માતાઓ: 'માતૃ શક્તિ' ના 4 પેકેટ, 1 કિલો પ્રતિ પેકેટ, 3. 11 થી 18 વર્ષની કિશોરીઓ: 'પૂર્ણ શક્તિ' ના 4 પેકેટ, 1 કિલો પ્રતિ પેકેટ. પરંતુ દાંતા-હડાદ તાલુકાની મોટાભાગની આંગણવાડીઓમાં, ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં છેલ્લા ઘણા વર્ષોથી આ રાશન બાળકો સુધી પહોંચતું જ નથી.

સ્થાનિક લોકો અને વાલીઓના આક્ષેપ મુજબ કાગળ પર તો પૂર્ણ જથ્થો બતાવાય છે, પરંતુ વાસ્તવમાં અડધા પેકેટ પણ મળતા નથી. સૌથી ગંભીર સવાલો : 1. ક્યાં ગયો જથ્થો? વર્ષોથી બાળકોના હકનું રાશન ન મળવા છતાં જવાબદાર અધિકારીઓએ તપાસ કેમ ન કરી? ક્યા સેટિંગના કારણે આ કૌભાંડ દબાવવામાં આવ્યું? 2. અધિકારીઓ કેમ મૌન? CDPO થી લઈને DDO સુધી રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી નહીં. મીડિયામાં સત 8 દિવસ અહેવાલો છપાયા બાદ પણ જવાબદારો સામે કડક પગલાં કેમ નથી લેવાયા? શું તંત્ર પણ આમાં સામેલ છે? 3. અચાનક જાગેલું તંત્ર: મીડિયાના અહેવાલ બાદ જ તંત્ર દોડતું થયું અને મીડિયા પાસે આંગણવાડીના નામ માંગવામાં આવ્યા. આટલો સમય આંખ આડા કાન કેમ? સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે આ કૌભાંડમાંથી ટૂંક સમયમાં કેટલાક વિતરણ કરનારાઓ પાસે મિલકત ક્યાંથી આવી તેની પણ તપાસ થવી જોઈએ.

# પાદરામાં કાળજું કંપાવનારી ઘટના: નદી કિનારે રમી રહેલી બાળકીને મગર પાણીમાં ખેંચી ગયો

પાદરા

પાદરા તાલુકામાં એક અત્યંત કરુણ અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. નદી કિનારે રમી રહેલી એક અબુધ બાળકી પર મગરે અચાનક હુમલો કરી તેને ઊંડા પાણીમાં ખેંચી જતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર દોડી ગઈ છે અને બાળકીની શોધખોળ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, પાદરા વિસ્તારમાંથી પસાર થતી નદી કિનારે બાળકી અન્ય બાળકો સાથે રમી રહી હતી. તે સમયે પાણીમાંથી અચાનક ધસી આવેલા વિશાળકાય મગરે બાળકી પર હુમલો કરી દીધો હતો. આસપાસના લોકો કાંઈ સમજે કે બચાવવા માટે દોડે તે પહેલાં જ ક્ષણવારમાં મગર બાળકીને પોતાના જડબામાં ભીંસીને ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ઘટનાને પગલે સ્થળ પર હાજર લોકોમાં ચીસાચીસ અને ભારે નાસભાગ મચી ગઈ હતી. બાળકીને મગર ખેંચી ગયાની જાણ થતાં જ ગ્રામજનો નદી કિનારે ઉમટી પડ્યા હતા અને સ્થાનિક તંત્ર તથા ફાયર બ્રિગેડને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી પાદરા ફાયર વિભાગની ટીમ રેસ્ક્યૂ સાધનો અને બોટ સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગના જવાનો દ્વારા વનવિભાગની ટીમ સાથે મળીને નદીના ઊંડા પાણીમાં બાળકીની ભાળ મેળવવા માટે વ્યાપક શોધખોળ (સર્ચ ઓપરેશન) શરૂ કરવામાં આવ્યું છે.

### LCB અને SOGની સંયુક્ત કાર્યવાહી, એક શખ્સની ધરપકડ

# જેતપુર તાલુકામાંથી 540 લીટર શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ ઝડપાયું

જેતપુર, સુરેશ ભાલીયા

ખાદ્ય પદાર્થોમાં ભેળસેળની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે રાજકોટ રેન્જ આઇ.જી. નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્યના પોલીસ અધીક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા આપવામાં આવેલી સૂચનાના અન્વયે રાજકોટ ગ્રામ્ય એલસીબી અને એસઓજી શાખાએ સંયુક્ત રીતે મોટી કાર્યવાહી કરી છે.

હ્યુમન સોર્સના આધારે મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસને જાણવા મળ્યું હતુ કે સુરેન્દ્રનગર જિલ્લાના થાન તાલુકાના ખાખરાતળ ગામના વતની ભરતભાઈ મામૈયાભાઈ લોઢ (ઉંમર વર્ષ 29) પોતાના આઈસર ટેન્કર રજી. નં. GJ-13-TA-2872 માં શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધનો જથ્થો ભરી જૂનાગઢથી રાજકોટ તરફ આવી રહ્યો છે.



બાતમીના આધારે પોલીસે જેતપુર તાલુકા વિસ્તારમાંથી આ ટેન્કરને આંતરીને તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ટેન્કરમાંથી આશરે 2,70,000 ની કિંમતનું 5400 લીટર શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ મળી આવ્યું હતું.

આ અંગે ફૂડ એન્ડ સેફ્ટી ઓફિસર એસ.જે. કટારીયા દ્વારા દૂધની પ્રાથમિક ચકાસણી કરાવી જરૂરી સેમ્પલ લેવામાં આવ્યા હતા. પ્રાથમિક દ્રષ્ટિએ દૂધ ભેળસેળયુક્ત અને ખાવા-લાયક ન હોવાનું જણાતા, આરોપીની હાજરીમાં જ યોગ્ય ધારાધોરણ મુજબ 5400 લીટર દૂધના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપી ભરતભાઈ મામૈયાભાઈ લોઢની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ સફળ કામગીરીમાં એલસીબી શાખાના પીઆઈ જે.પી.રાવ, પીએસઆઈ આર. વી.ભીમાણી, એએસઆઈ અનિલભાઈ બડકોદિયા અને કોન્સ્ટેબલ ભરતભાઈ ગમારા તેમજ એસઓજી શાખાના પીઆઈ એફ.એ.પારગી, પીએસઆઈ જી.જે.ઝાલા, એએસઆઈ પી.કે.શામળા અને નવદિપભાઈ બાબરિયા જોડાયા હતા.

# કદવાલ તાલુકાના મુવાડા ગામે ભારે વરસાદથી મકાન ધરાશાયી, સદનસીબે જાનહાનિ ટળી

કદવાલ, ઈરફાન મકરાણી

છોટાઉદેપુર જિલ્લાના કદવાલ તાલુકાના મુવાડા ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત પડી રહેલા ભારે વરસાદના કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. વરસાદના કારણે અનેક કાચાં અને જર્જરિત મકાનો જોખમમાં મુકાયા છે. આવી જ એક ઘટના મુવાડા ગામમાં બની હતી, જ્યાં નાયકા મોહનભાઈ ભીખાભાઈનું રહેણાંક મકાન અચાનક ધરાશાયી થઈ જમીનદોસ્ત થઈ ગયું હતું. ઘટનાના સમયે પરિવારના સભ્યો ઘરની બહાર હોવાથી સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. જોકે મકાન સંપૂર્ણપણે તૂટી પડતાં ઘરમાં રહેલો ઘરવખરીનો સામાન, અનાજ, કપડાં તથા અન્ય જરૂરી ચીજવસ્તુઓને ભારે નુકસાન પહોંચ્યું છે. ભારે વરસાદના કારણે અસરગ્રસ્ત પરિવાર હાલ મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે. ઘટનાની જાણ



થતાં જ મુવાડા ગ્રામપંચાયતના તલાટી કમ મંત્રીશ્રી તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે સ્થળનું રૂબરૂ નિરીક્ષણ કરીને પંચક્યાસ (પંચનામું) તૈયાર કર્યું હતું તેમજ સમગ્ર ઘટનાની જાણ તાલુકા મથકે કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# EMT કમલેશ પટેલીયા અને ચંદ્રવીરસિંહ સિસોદિયાએ બચાવ્યા ત્રણ અમૂલ્ય જીવ

### ગર્ભનાળ ગળામાં વીંટળાયેલી છતાં 108 ટીમે કરાવી સફળ જોડિયા પ્રસૂતિ

મહીસાગર, કાનજી ધામોત

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકામાં 108 ઈમરજન્સી સેવાની સમયસર કામગીરી અને ટીમની કુશળતાના કારણે એક સગર્ભા મહિલા તથા તેના જોડિયા નવજાત શિશુઓનો જીવ બચાવવાનો પ્રશંસનીય બનાવ સામે આવ્યો છે.

તા. 1 ઓગસ્ટ, 2026ના રોજ બપોરે 3:11 કલાકે કડાણા તાલુકાના સંઘરી ગામના ટીમ્બા ફળિયામાં રહેતી એક સગર્ભા મહિલાને અચાનક પ્રસૂતિની તીવ્ર પીડા ઉપડતા પરિવારજનોએ 108 ઈમરજન્સી સેવાનો સંપર્ક કર્યો હતો.

કડાણા IFT 108ની ટીમ ગણતરીની મિનિટોમાં સ્થળ પર પહોંચી હતી. ઈમરજન્સી મેડિકલ ટેક્નિશિયન EMT કમલેશ પટેલીયાએ સગર્ભાની તપાસ કરી અને ઉપલબ્ધ રિપોર્ટ તથા ફાઈલના આધારે ગર્ભમાં જોડિયા બાળકો



હોવાનું નિદાન કર્યું. મહિલાની ગંભીર સ્થિતિ અને પ્રસૂતિની તીવ્ર પીડાને ધ્યાનમાં રાખી હોસ્પિટલ લઈ જવા કરતાં સ્થળ પર જ પ્રસૂતિ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો.

પ્રસૂતિ દરમિયાન બંને નવજાતના ગળામાં ગર્ભનાળ વીંટળાયેલી હોવાનું સામે આવ્યું હતું. આવી વિકટ પરિસ્થિતિમાં EMT કમલેશ પટેલીયા અને પાયલોટ ચંદ્રવીરસિંહ સિસોદિયાએ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરના સેન્ટ્રલ ફિઝિશિયન ડૉ. રૂચિ મેડમ ના ઓન-કોલ માર્ગદર્શન હેઠળ તેમજ EMRI ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા આપવામાં આવેલી તાલીમનો અસરકારક ઉપયોગ કરીને સુરક્ષિત અને સફળ પ્રસૂતિ કરાવી હતી.

મહિલાએ બે સ્વસ્થ નવજાત પુત્રીઓને જન્મ આપ્યો હતો. ત્યારબાદ માતા અને બંને નવજાત બાળકીઓને વધુ સારવાર માટે ગવર્મેન્ટ કોટેજ હોસ્પિટલ, લુણાવાડા ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

108 ઈમરજન્સી સેવાની સમયસૂચકતા, ટીમવર્ક અને કુશળ કામગીરીના કારણે માતા અને બંને નવજાતનો જીવ બચી શક્યો હતો. આ કામગીરી બદલ પરિવારજનોએ EMT કમલેશ પટેલીયા, પાયલોટ ચંદ્રવીરસિંહ સિસોદિયા તેમજ સમગ્ર 108 ઈમરજન્સી સેવાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## છોટાઉદેપુર તાલુકાના અછાલા ગામે દીપડો કુવામાં પડ્યો ભારે મહેનત બાદ વન વિભાગ દ્વારા રેસ્ક્યુ કરી બહાર કાઢ્યો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

તેજગઢ ગામ પાસે આવેલ અછાલામાં દીપડો અચાનક કુવામાં પડતા લોકોમાં દોડધામ જ્યારે વન વિભાગ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે 2 કલાકની સતત મેહનત બાદ દીપડાને બહાર કાઢવામાં આવ્યો હતો. જ્યારે દીપડો પાંજરે પુરાતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. છોટાઉદેપુર જિલ્લાના તેજગઢ પાસે અછાલા ગામે સુંદરભાઈ ગોસલાભાઈના કુવામાં એક દીપડો પડી જતાં વિસ્તારમાં ભારે દોડધામ અને ભય ફેલાયો હતો. અને ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. અને દીપડાને સલામત રીતે બહાર કાઢવા માટે રેસ્ક્યુ કામગીરી શરૂ કરવામાં આવી હતી. દીપડો કૂવામાં પડયો જે સ્થળ પર મોટી સંખ્યામાં ગ્રામજનો એકત્ર થયા હતા. હાલ રેસ્ક્યુ કામગીરી ચાલુ હોવાથી લોકોને સુરક્ષિત અંતર જાળવવા અને ભીડ ન કરવા વન વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી હતી. જ્યારે બે કલાક જેવી ભારે મહેનત બાદ દીપડો પાંજરે પુરાતા સૌ કોઈ રાહતનો શ્વાસ લીધો હતો છોટાઉદેપુર જંગલ વિસ્તારમાં દીપડા ફરતા હોય જેવી ની ઘટનાઓ તથા સામે આવી રહી છે. જ્યારે પ્રજાએ સુમસામ જંગલ વિસ્તારમાં જવાનું ટાળે અને સાવચેતી રાખે તે ખૂબ જરૂરી છે છોટાઉદેપુર વિસ્તારમાં વન્ય પ્રાણી વસ્તી તરફ દેખા દેતા પ્રજામાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

### માધવપુરના ગોરસર ગામે

# ચાર્જિંગ લેમ્પના અંજવાળે તીનપત્તીની જામેલી મહેફીલ પર LCB પોલીસ ત્રાટકી

### પોલીસે ગંજીપત્તાના 52 પાના અને રૂ.1,04,600ના મુદ્દામાલ સાથે 7 બાજીગરોને ઝડપી પાડી જુગારધારાનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો

ગોસા(ઘેડ), વિરમભાઈ કે.આગઠ

પોરબંદર એલ.સી.બીએ ઘેડ પંથકના માધવપુર પોલીસ સ્ટેશન ના ગ્રામ્ય વિસ્તારમાં રાત્રીના નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ગોરસર ટોલનાકા સામે પવનચક્કી પાસે જાહેરમાં ચાર્જિંગ કેમ્પ ના અંજવાળે ગોળ કૂંડાળુંવાળી ગંજીપત્તા વડે હારજીતનો જુગાર રમતા ૮ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી ગંજીપત્તાના પાના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂ.૧, ૦૪,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગાર અધિનિયમ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

જુનાગઢ રેંજના પોલીસ મહા નિરીક્ષક નિલેશ જાજડિયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા પોરબંદર જિલ્લામાં દારૂ/ જુગાર ની ગેરકાયદેસર પ્રવૃતિને નેસ્ત નાબૂદ કરવા અને વધુમાં વધુ કેસો શોધી કાઢવા સૂચના કરવામાં આવેલ. જે સૂચના અનુસંધાને પોરબંદર એલ. સી.બી.ઈન્ચાર્જ પોલીસh ઈન્સ્પેક્ટર આર. કે.કાંબરીયા ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના માણસો નાઈટ પેટ્રોલીંગ માં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટબલ જીતુભાઈ દાસા તથા પોલીસ કોન્સ્ટેબલ અજયભાઈ ચૌહાણ હકીકત મળેલ કે ગોરાસર ગામે આવેલ ટોલનાકા સામે આવેલ પવનચક્કી પાસે અમુક ઈસમો જાહેરમાં ગંજીપત્તાના પાના વડે હારજીતનો જુગાર રમે છે. જેથી પોલીસ સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચતા ગોરસર ટોલનાકા સામે જાહેરમાં ચાર્જિંગ લેમ્પના અજવાળે ગોળ કુંડાળુ વળી બેઠેલા ઈસમો પોલીસને જોઈ ભાગવાનો પ્રયાસ કરતા હતા. પરંતુ પોલીસે તમામને ઝડપી તપાસ કરતા તેઓ ગંજીપત્તાના પાના વડે તથા રોકડ રૂપિયા સાથે "તીનપત્તી રોન પોલીસ" નામનો જુગાર રમતા હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત જુગાર રમાતી જગ્યાએ પટમાંથી ગંજીપત્તાના પાના અને રોકડ રૂપિયા પણ મળી આવ્યા હતા. પોલીસે તમામ પાસેથી કુલ ગંજીપત્તાના ૫૨ પાના અને રૂ.૧,૦૪,૬૦૦ રોકડ કબ્જે કરી પંચનામું તૈયાર કર્યું હતું. સમગ્ર કાર્યવાહી મામલે પોલીસે તમામ આરોપીઓની અટકાયત કરી તેમની સામે જુગાર અધિનિયમની કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી માધવપુર પોલીસ સ્ટેશનમાં જુગારધારાનો ગુન્હો રજીસ્ટર કરાવેલ છે.



### સોહા અલી ખાનના પોડકાસ્ટમાં માનુષી છિલ્લરે વ્યથા ઠાલવી

# નીટની પરીક્ષા ફરી આપવા મેં ગમતી બધી ચીજોનું બલિદાન આપેલું : માનુષી

મુંબઇ

મુંબઈમાં, NEET પેપરલીક વિવાદ વચ્ચે 2017ની મિસ વર્લ્ડ માનુષી છિલ્લરે સોહા અલી ખાનના પોડકાસ્ટમાં પોતાના NEET પરીક્ષાના અનુભવો શેર કર્યા. માનુષીએ જણાવ્યું કે, 2015માં NEETની તૈયારી કરવી તેમના જીવનનો સૌથી મુશ્કેલ તબક્કો હતો. તેમને કુચીપુડી અને પેઈન્ટિંગ જેવા શોખ છોડવા પડ્યા હતા, છતાં પરિવારના સહકારથી તે આ પડકારનો સામનો કરી શક્યા. નીટ પરીક્ષાના પેપરલીકના મામલે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધાં બાદ ૨૦૧૭ની મિસ વર્લ્ડ માનુષી છિલ્લરે પોતાના નીટ પરીક્ષાના અનુભવો સોહા અલી ખાન સમક્ષ તેના પોડકાસ્ટ દરમ્યાન વ્યક્ત કર્યા હતા.

માનુષીએ જણાવ્યું હતું કે સૌન્દર્ય સ્પર્ધામાં પ્રવેશી તે અગાઉ હું મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરવા માંગતી હતી. મને જ્યારે આ પરીક્ષા ફરી આપવા જણાવવામાં આવ્યું ત્યારે તેના બે પાસાં હતા. એક મારો અંગત અનુભવ અને બીજું પાસું એ સમજવું કે દેશમાં મોટાભાગના સ્ટુડન્ટ્સની વાસ્તવિકતા સમજવી. મારા માતાપિતા વર્ષો અગાઉ આ જ અવસ્થામાંથી પસાર થઇ ચૂક્યા હોઇ હું આ પ્રક્રિયા માટે માનસિક રીતે તૈયાર હતી. પણ તેને માટે મારે મને ગમતી તમામ ચીજોનું બલિદાન આપવું પડયુ હોઇ તે મારે માટે ખૂબ મુશ્કેલ બની રહી હતી. મારે આ પરીક્ષા ખાતર મારા કુચીપુડી ડાન્સ અને પેઈન્ટિંગના શોખને એક વર્ષ માટે બાજુ પર મુકી દેવા પડયા હતા.

માનુષીએ જણાવ્યું હતું કે જ્યારે તમે મહિનાઓ સુધી તૈયારીઓ કર્યા બાદ પરીક્ષા આપો અને એ પછી તમને કહેવામાં આવે કે બીજા ૪૫ દિવસ તમારે હજી તૈયારી કરવાની છે ત્યારે તમને નવાઇ લાગે કે હજી મારે કેટલો ભોગ આપવાનો છે. પણ મારા પરિવારનો મને જબરજસ્ત ટેકો હતો અને મારા માતાપિતાએ એક કલાક કસરત કરવાની ટેવ પાડેલી હતી એટલે હું પરીક્ષાની બહાર પણ લોકો સાથે સંકળાયેલી રહી શકી હતી. મારા બીજા ઘણાં સાથીઓ પાસે આ લક્ઝરી નહોતી.

હરિયાણામાં જન્મેલી માનુષીએ ૨૦૨૨મા સમ્રાટ પૃથ્વીરાજ ફિલ્મમાં સંયોગિતાની ભૂમિકા ભજવી હિન્દી ફિલ્મ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. તાજેતરમાં તે તહેરાન નામની એક્શન થ્રીલર ફિલ્મમાં દેખાઇ હતી.

**વર્ષ 2015ની નીટ પરીક્ષાની તૈયારીઓ મારા જીવનનો સૌથી મુશ્કેલ તબક્કો બની રહ્યો : માનુષી**

# રિલીઝ પહેલાં જ 'King'નો રેકોર્ડ

## આ ફિલ્મના મ્યુઝિક રાઈટ્સ ₹50 કરોડ રૂપિયામાં વેચાયા છે



મુંબઈ

શાહરૂખ ખાનની આવનારી ફિલ્મ 'કિંગ'રિલીઝ થાય એ પહેલા જ ફિલ્મે એક મોટો રેકોર્ડ બનાવી લીધો છે. આ ફિલ્મના મ્યુઝિક રાઈટ્સ સંબંધિત આ રેકોર્ડ છે. ફિલ્મ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર આ ફિલ્મના મ્યુઝિક રાઈટ્સ 50 કરોડ રૂપિયામાં વેચાયા છે. આ ફિલ્મનું ડાયરેક્શન સિદ્ધાર્થ આનંદ કરી રહ્યા છે.


શાહરૂખ ખાન અને સિદ્ધાર્થ આનંદની જોડી ફરીવાર સ્ક્રિન પર આવી રહી છે. ક્રિસમસના દિવસોમાં આ ફિલ્મ રિલીઝ થાય એવું માનવમાં આવી રહ્યું છે. આ ફિલ્મની હાલમાં ચર્ચા થઈ રહી છે પણ બોક્સઓફિસ પર તે શાનદાર રીતે પર્ફોમ કરશે એવો અંદાજો છે. મેકર્સ પણ આ ફિલ્મને લઈને ઘણીબધી આશા રાખી રહ્યા છે. ઝી મ્યુઝિકે ફિલ્મના રાઈટ્સ આશરે 50 કરોડમાં ખરીદી લીધા છે. જો બધુ ઠીક અને વ્યવસ્થિત રહ્યું તો હિન્દી ફિલ્મો માટે અત્યાર સુધીની સૌથી મોટી મ્યુઝિક ડીલ સાબિત થશે. ઝી એન્ટરટેઈનમેન્ટના એમ ડી તથા સીઈઓ પુનિત ગોયઈંકા જણાવ્યું હતું કે, હાલમાં વાતચીત ચાલું છે પણ હજુ સુધી કંઈ નક્કી થયું નથી.હું કિંમત અંગે કોઈ ટિપ્પણી કરવા માગતો નથી. પણ ડીલ કોઈ નક્કી થઈ નથી.હાઈસ્કેલ પર વાત કરીએ તો મ્યુઝિક સૌથી બેસ્ટ ભવિષ્ય ધરાવતું ક્ષેત્ર છે. મ્યુઝિક હંમેશા ચાલનારૂ ક્ષેત્ર છે. એવરગ્રીન છે. બીજા કેટલાક વિષયોના કોન્ટેટ ટાઈમ લિમિટેડ હોય છે. હું લોકોને હંમેશા કહુ છું કે, ઝી મ્યુઝિકે પોતાની સાત વર્ષની સંગીતમય સફરમાં પ્રોડ્યુસર્સને જેટલા એક્સ્ટ્રા પૈસા આપ્યા છે એટલા બીજી કોઈ મ્યુઝિક કંપનીએ ભેગા થઈને પણ નહીં આપ્યા હોય. જ્યારે અમે પૈસા કમાઈએ છીએ તો બીજા સાથે એ પ્રોફિટ વહેચવાની પણ મજા આવે છે. આ પહેલા રામાણય ફિલ્મના મ્યુઝિકની ડીલ પણ એક મોટી રકમની હતી.

# સ્પાઈડર-મેને તોડી નાખ્યા 'પઠાણ' અને 'ધુરંધર'ના રેકોર્ડ

## આ સફળતા ફરી એકવાર સાબિત કરે છે કે ભારતીય દર્શકોમાં માર્વેલ સિનેમેટિક યુનિવર્સ-સ્પાઈડર-મેન પ્રત્યેનો ક્રેઝ આજે પણ યથાવત છે

મુંબઈ

માર્વેલ અને સોની પિક્ચર્સની નવી સુપરહીરો ફિલ્મ 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' ભારતીય બોક્સ ઓફિસ પર ધમાકેદાર કમાણી કરીને નવા રેકોર્ડ બનાવી રહી છે. માત્ર ત્રણ જ દિવસમાં ફિલ્મે ભારતમાં અંદાજે 176 કરોડ રૂપિયાથી વધુનું ગ્રોસ કલેક્શન કર્યું છે. આ સાથે તેણે અનેક મોટી હિન્દી અને હોલીવૂડ ફિલ્મોના શરૂઆતના કમાણીના રેકોર્ડને તોડી નાખ્યાં છે. આ ફિલ્મને અંગ્રેજી ઉપરાંત હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષામાં પણ જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે, જેના કારણે દેશભરના મલ્ટિપ્લેક્સમાં શો હાઉસફુલ ચાલી રહ્યા છે. સ્પાઈડર-મેન ફ્રેન્ચાઈઝીને દુનિયાની સૌથી લોકપ્રિય સુપરહીરો સિરીઝમાંની એક માનવામાં આવે છે. વર્ષ 2021માં આવેલી 'Spider-Man: No Way Home' પછી ટોમ હોલેન્ડ ફરી એકવાર પીટર પાર્કરના પાત્રમાં પરત ફર્યો છે. નવી ફિલ્મમાં પીટર પાર્કરની સફર એક નવા અધ્યાય સાથે આગળ વધે છે, જ્યાં એક શક્તિશાળી નવા જોખમનો સામનો કરતી વખતે તેના જીવનમાં અનેક પડકારો ઊભા થાય છે. આ કારણોસર ફિલ્મને માત્ર એક્શન નહીં, પરંતુ ઈમોશનલ વાર્તા માટે પણ વાહવાહી મળી રહી છે. ફિલ્મે શરૂઆતના ત્રણ દિવસમાં જ એવો દબદબો બનાવ્યો છે કે તે વર્ષ 2026ની સૌથી મોટી હોલીવૂડ ઓપનિંગ ફિલ્મ બની ગઈ છે. ખાસ કરીને ભારતમાં ફિલ્મનું એડવાન્સ બુકિંગ, 3D અને પ્રીમિયમ સ્ક્રીનોમાં ઊંચી ઓક્યુપન્સી અને પરિવાર સાથે ફિલ્મ જોવાનો ટ્રેન્ડ ફિલ્મની સફળતાના મુખ્ય કારણો માનવામાં આવી રહ્યા છે. ફિલ્મે શરૂઆતના દિવસોમાં જ કેટલાક જાણીતા ભારતીય અને હોલીવૂડની ફિલ્મના રેકોર્ડને બ્રેક કરી દીધા છે. ફિલ્મ હવે કમાણી ના મામલે એક માઈલસ્ટોન સ્થાપે એ વાત નક્કી માનવામાં આવે છે. ફિલ્મ વિશ્લેષકોનું માનવું છે કે, જો આવનારા દિવસોમાં પણ દર્શકોનો આવો જ પ્રતિસાદ ચાલુ રહેશે, તો 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' ભારતમાં અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી હોલીવૂડ ફિલ્મોમાં ટોચના સ્થાન માટે મજબૂત દાવેદાર બની શકે છે.





# PM મોદીને ગાળો આપવા પર ભૂમિ પેડનેકર નારાજ થઈ

## ભૂમિએ પોતાના ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો જાહેર કરીને કહ્યું કે દેશના સર્વોચ્ચ પદ પર બેઠેલા વ્યક્તિ વિરુદ્ધ આવી ભાષાનો ઉપયોગ બિલકુલ ખોટો છે


મુંબઈ

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ ઉપયોગમાં લેવાયેલી અપમાનજનક ભાષા પર એક્ટ્રેસ ભૂમિ પેડનેકરે સખત વાંધો ઉઠાવ્યો છે. ભૂમિએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો જાહેર કરીને કહ્યું કે દેશના સર્વોચ્ચ પદ પર બેઠેલા વ્યક્તિ વિરુદ્ધ આવી ભાષાનો ઉપયોગ બિલકુલ ખોટો છે. NEET પેપર લીક વિવાદને લઈને ચાલી રહેલા આ પ્રદર્શનમાં સૂત્રોચ્ચારનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ ભૂમિ પેડનેકર, અભિનેતા મુકેશ ખન્ના અને સાંસદ કંગના રનૌત સહિત અનેક મોટી હસ્તીઓની પ્રતિક્રિયા સામે આવી છે. ભૂમિ પેડનેકરે પોતાના વીડિયો સંદેશમાં કહ્યુ કે શિક્ષણ અને વ્યવસ્થા સાથે જોડાયેલા મુદ્દાઓ પર સવાલ ઉઠાવવાનો હક બધાને છે, પરંતુ પોતાની વાત રજૂ કરવાની રીત સાચી હોવી જોઈએ. તેમણે કહ્યું, 'સોશિયલ મીડિયા પર સામે આવી રહેલા વીડિયોમાં જે પ્રકારની ભાષાનો ઉપયોગ આપણા દેશના યુવાનો કરી રહ્યા છે, તે ખૂબ જ ચિંતાજનક છે. આપણે આપણા દેશના સૌથી ઊંચા પદ પર બેઠેલા વ્યક્તિ વિશે વાત કરી રહ્યા છીએ. શું આપણે આપણા ઘરના વડીલો સાથે ક્યારેય આ રીતે વાત કરીએ છીએ?' ભૂમિએ જનરલ-ઝેડ (Gen Z) ને દેશની સંસ્કૃતિ અને સંવાદની પરંપરાનું સન્માન કરવા અપીલ કરી. એક્ટર મુકેશ ખન્નાએ પણ આ મુદ્દે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો પોસ્ટ કરીને પ્રદર્શનકારીઓ પર આકરો હુમલો કર્યો હતો. તેમણે પ્રદર્શનનું સમર્થન કરનારાઓને 'કોકરોચ' ગણાવીને દેશમાંથી બહાર ફેંકી દેવાની વાત કરી હતી. મુકેશ ખન્નાએ આરોપ લગાવ્યો હતો કે આ પ્રદર્શન અસલી વિદ્યાર્થીઓનું નથી, પરંતુ સરકારને અસ્થિર કરવાના એજન્ડા હેઠળ વિદ્યાર્થીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમણે વિદ્યાર્થીઓને ચેતવણી આપતા કહ્યું કે આવી પ્રવૃત્તિઓમાં સામેલ થવાથી ભવિષ્યમાં નોકરી અને વિઝા મેળવવામાં મુશ્કેલી પડી શકે છે, તેથી તેઓ સમયસર તેનાથી દૂર રહે.

# સોશિયલ મીડિયા ટ્રેન્ડ પર રિએક્શન આપનારા હૃતિક રોશન પર ભડકી કંગના

મુંબઈ

બોલિવૂડના સૌથી ચર્ચિત વિવાદોની વાત કરવામાં આવે ત્યારે સુપરસ્ટાર હૃતિક રોશન અને કંગના રનૌતનું નામ તેમાં અચૂક સામેલ થાય છે. એક સમય હતો જ્યારે બંને વચ્ચે મોટો વિવાદ ચાલતો હતો. કંગનાએ હૃતિક પર અનેક આરોપો લગાવ્યા હતા, જેને હૃતિકે હંમેશાં નકારી કાઢ્યા હતા. હવે એવું લાગી રહ્યું છે કે 10 વર્ષ પછી કંગના-હૃતિક વચ્ચેનો આ વિવાદ ફરી એકવાર વકર્યો છે. કંગના-હૃતિકનો વિવાદ ફરી શરૂ થયો? વાસ્તવમાં તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર 'Sorry Hrithik' નામે એક ટ્રેન્ડ શરૂ થયો છે, જેમાં કંગના પર નિશાન સાધવામાં આવી રહ્યું છે. અભિનેત્રીએ સ્ટુડન્ટ પ્રોટેસ્ટ બાદ Gen Z પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી, જેના લીધે તેના પર મીમ્સ બનવા લાગ્યા હતા. આ દરમિયાન કેટલાક લોકોએ હૃતિક રોશનનો ઉલ્લેખ કરીને તેમની જૂની કાનૂની લડાઈને યાદ કરી હતી અને કહ્યું હતું કે દરેકે હૃતિકની માફી માંગવી જોઈએ. આ વધતા ટ્રેન્ડ પર ઋતિક રોશને આપેલી પ્રતિક્રિયાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. એક્ટરે સ્પષ્ટપણે જણાવ્યું છે કે લોકો આવેગમાં આવવાને બદલે તથ્યો પર ધ્યાન આપે. એક ઈન્ફ્લુએન્સરની પોસ્ટ પર હૃતિકે લખ્યું હતું કે, 'માત્ર એટલા માટે 'A' નો પક્ષ લેવો કારણ કે હવે તમને 'B' પસંદ નથી, તે આપણા સમાજની એક મોટી સિસ્ટમેટિક સમસ્યાનો નાનો એવો હિસ્સો છે. હું એ સમયની રાહ જોઈશ, જ્યારે આ સંદર્ભ સાચો હોય અને તે તથ્યો પર આધારિત હોય. એ જ યોગ્ય રહેશે. હું રાહ જોઈશ. પરંતુ ખેર, હવે કોને પરવા છે, ખરું ને?' રસપ્રદ વાત એ છે કે હૃતિકનું આ નિવેદન કંગના રનૌત સુધી પહોંચી ગયું. તે એક્ટર પર ભડકી ગઈ. ઈન્સ્ટાગ્રામ પર કંગનાએ હૃતિક માટે લખ્યું કે, 'પ્રિય હૃતિક, મને ખુશી છે કે તમને તમારો સાચો સાથી મળી ગયો છે. સબા આઝાદ સાથે તમારી જોડી ખૂબ જ સરસ લાગે છે.



## સોમને પેરા શોટપુટમાં ગોલ્ડ અપાવ્યો; ગુલવીરને 5000 મીટર દોડમાં બ્રોન્ઝ

# કોમનવેલ્થમાં 7 ભારતીય બોક્સરોને ગોલ્ડ, 3 ને સિલ્વર

ગ્લાસગો

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય બોક્સરોએ ઈતિહાસ રચ્યો છે. ભારતે પહેલીવાર એક જ ગેમ્સમાં 7 બોક્સિંગ ગોલ્ડ જીત્યા છે. પ્રીતિ પવાર, જાસ્મિન લાંબોરિયા, સાક્ષી ચૌધરી, પ્રિયા ઘંઘાસ અને અરુંધતિ ચૌધરી મહિલાઓમાં ચેમ્પિયન બની. સચિન સિવાચ અને અંકુશ પંઘાલે પુરુષોમાં ગોલ્ડ જીત્યો.

લવલીના બોરગોહેન અને જાદુમણિ અને નરેન્દ્ર બેરવાલને સિલ્વરથી સંતોષ માનવો પડ્યો. પેરા એથ્લેટિક્સમાં સોમન રાણાએ પણ ગોલ્ડ જીત્યો. ત્યાં જ, પુરુષોની 5000 મીટર દોડમાં ગુલવીર સિંહે 13:24.95 મિનિટની ટાઈમિંગ સાથે બ્રોન્ઝ જીત્યો. તેઓ 5 હજાર અને 10 હજાર મીટરમાં મેડલ જીતનારા પહેલા ખેલાડી બન્યા. મેડલ ટેલીમાં ભારત 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ સહિત કુલ 39 મેડલ સાથે ચોથા સ્થાને પહોંચી ગયું છે. અંકુશ





પંઘાલે પુરુષોના 80 કિલોગ્રામ ભાર વર્ગની ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડના બોક્સર ડિમેજી શિટ્ટુને 4-1 થી હરાવ્યો. અંકુશે ફાઈનલની શરૂઆતથી જ પોતાનો દબદબો બનાવ્યો અને અંતમાં જીત પોતાના નામે કરી. સચિન સિવાચે પુરુષોના 60 કિલોગ્રામ ભાર વર્ગના ફાઈનલમાં નામિબિયાના બોક્સર ટ્રાઈગેન મોર્નિંગ નડેવેલોને 3-2 થી હરાવ્યો. અરુંધતી ચૌધરીએ 70kgમાં ઈંગ્લેન્ડની કેન્થલે રીડને 5-0થી હરાવી. અંતિમ રાઉન્ડના શરૂઆતના 30 સેકન્ડમાં રેફરીએ બંને બોક્સરને રમતની ગતિ વધારવા કહ્યું. મહિલાઓની 60kg ફાઈનલ મેચમાં ભારતની પ્રિયા ઘંઘાસે શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો. તેણે 4-1થી જીત મેળવી. મહિલાઓના 51 કિલોગ્રામ વર્ગની ફાઈનલમાં ભારતની સાક્ષી ચૌધરીએ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો. તેણે આખી મેચમાં પ્રભુત્વ જાળવી રાખ્યું અને સર્વસંમતિથી 5-0ના નિર્ણયથી જીત મેળવી. હરિયાણાની બોક્સર પ્રીતિ પવારે મહિલાઓની 54 કિગ્રા વર્ગમાં કેનેડાની સ્કારલેટ ડેલગાડોને 5-0થી હરાવી. તેણે ત્રણેય રાઉન્ડમાં પ્રભુત્વ જાળવી રાખ્યું અને ગોલ્ડ મેડલ જીત્યો. હરિયાણાની બોક્સર જાસ્મિન લામ્બોરિયાએ 57 KG કેટેગરીની ફાઈનલમાં મિશેલા વોલ્શાને 5-0થી હરાવી. તમામ જજોએ સર્વસંમતિથી તેને વિજેતા જાહેર કરી.

## તન્વી શર્મા તાઈપેઈ ઓપનની ફાઈનલમાં

એર્જેન્ટિના

ભારતીય શટલર તન્વી શર્માએ તાઈપે ઓપન સુપર 300 ટુર્નામેન્ટની વુમન્સ સિંગલ્સની ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. રમાયેલી સેમિફાઈનલ મેચમાં 17 વર્ષીય તન્વીએ ચીની તાઈપેની હુઆંગ યુ-હસુનને સીધા ગેમમાં હરાવી હતી. પંજાબની રહેવાસી તન્વીએ આ મેચ 21-17, 21-11થી પોતાના નામે કર્યો. આ એકતરફી સેમિફાઈનલ મેચ માત્ર 33 મિનિટ સુધી ચાલી હતી. તન્વી ગયા વર્ષે યુએસ ઓપન સુપર 300માં રનર-અપ રહી હતી. રવિવારે થશે ટાઈટલ મુકાબલો જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશીપની સિલ્વર મેડલિસ્ટ તન્વી શર્મા રવિવારે યોજાનારી ફાઈનલમાં ટાઈટલ જીત માટે મેદાનમાં ઉતરશે. ફાઈનલમાં તેનો મુકાબલો હમવતન ઉન્નતિ હુડ્ડા અથવા વિયેતનામની છઠ્ઠી ક્રમાંકિત ખેલાડી ગુયેન થુય લિન્હમાંથી કોઈ એક




સાથે થશે. પહેલી ગેમમાં સરસાઈ મેળવી, બીજીમાં સંપૂર્ણપણે પ્રભુત્વ જમાવ્યું તન્વીએ મેચની શરૂઆતથી જ આક્રમક રમત બતાવી. પહેલી ગેમમાં હુઆંગ યુ-હ્સુને થોડા સમય સુધી મુકાબલો કર્યો, પરંતુ તન્વીએ 21-17થી ગેમ પોતાના નામે કરી લીધી. બીજી ગેમમાં ભારતીય ખેલાડીએ વિરોધીને વાપસીનો કોઈ મોકો આપ્યો નહીં. તેણે સતત પોઈન્ટ મેળવીને 21-11થી જીત નોંધાવી અને સીધી ગેમમાં ફાઈનલની ટિકિટ પાક્કી કરી લીધી.

### લાડુ ખાતાં-ખાતાં બહાર આવ્યો ક્રિકેટર

## હાર્દિકે ગર્લફ્રેન્ડ સાથે તિરુપતિ બાલાજીના આશીર્વાદ લીધા

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હાલમાં ક્રિકેટથી દૂર છે અને પોતાની ઈજામાંથી ઉભરવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ દરમિયાન તેનો એક નવો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તે પોતાની ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે આંધ્રપ્રદેશના તિરુમાલા સ્થિત પ્રસિદ્ધ શ્રીવેંકટેશ્વર સ્વામી મંદિર (તિરુપતિ બાલાજી) ખાતે પૂજા-અર્ચના કરતો જોવા મળ્યો છે. આ દર્શન દરમિયાન હાર્દિક પંડ્યા તિરુપતિમાં માથું મુંડાવેલા લુકમાં નજરે પડ્યો હતો. જેના પછી



બંનેના વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યા છે. પરંપરા મુજબ વાળ સમર્પિત કર્યા PTI દ્વારા શેર કરવામાં આવેલા વીડિયો અનુસાર, હાર્દિક પંડ્યા સવારે મંદિરમાં પૂજા કરવા પહોંચ્યો હતો. આ પ્રસંગે હાર્દિક સફેદ ધોતી અને કુર્તામાં જોવા મળ્યો હતો, જ્યારે મહીકા શર્મા સફેદ સલવાર-સૂટમાં નજરે પડી હતી. તિરુમાલા મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા વાળ દાન કરવાની જૂની પરંપરા છે. એવું માનવામાં આવે છે કે હાર્દિક પંડ્યાએ પણ કોઈ માનતા પૂરી થવા પર અહીં પોતાના વાળ અર્પણ કર્યા છે. હાર્દિક પંડ્યા ઈજાના કારણે તાજેતરની સિરીઝમાંથી બહાર રહ્યો હતો. તે ઝડપથી ફિટ થઈને ક્રિકેટના મેદાનમાં વાપસી કરવા માટે સતત મહેનત કરી રહ્યો છે. ભારતીય ટીમ માટે પંડ્યા ખૂબ મહત્વપૂર્ણ ખેલાડી છે અને આગામી મહત્વની ટુર્નામેન્ટ્સને ધ્યાનમાં રાખીને તેનું સંપૂર્ણ ફિટ હોવું ટીમ માટે ખૂબ જરૂરી છે.

# જસપ્રીત બુમરાહ શ્રીલંકા ટેસ્ટ સિરીઝમાંથી બહાર

### ઘૂંટણની ઈજામાંથી સાજા થઈ શક્યા નથી; 15 ઓગસ્ટથી સિરીઝ રમાશે

મુંબઈ

ભારતના ઝડપી બોલર જસપ્રીત બુમરાહ શ્રીલંકા સામે રમાનારી બે મેચની ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. શ્રેણીની પ્રથમ મેચ 15 ઓગસ્ટથી ગોલમાં રમાશે. બુમરાહ ડાબા ઘૂંટણની ઈજામાંથી સાજા થઈ રહ્યા હતા. બેંગલુરુમાં આવેલા BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સમાં તેમનું રિહેબિલિટેશન ચાલી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, બોર્ડની મેડિકલ ટીમે તેમને હાલમાં વાપસી ન કરવાની સલાહ આપી છે. તેમને સંપૂર્ણપણે સ્વસ્થ ન થાય ત્યાં સુધી આરામ કરવા જણાવાયું છે. જોકે, BCCI તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.



બુમરાહ ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણી દરમિયાન ઈજાગ્રસ્ત થયા હતા. તેઓ શ્રેણીની છેલ્લી વનડેમાં રમી શક્યા ન હતા. 32 વર્ષીય બુમરાહને મંગળવારે ભારતની 15 સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા, પરંતુ તેમનું રમવું ફિટનેસ પર નિર્ભર હતું. PTIના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે બુમરાહ શ્રીલંકા સિરીઝ માટે ફિટ થઈ જશે સિરાજ-પ્રસિદ્ધ પણ ટીમમાં સામેલ શ્રીલંકા પ્રવાસ માટે ભારતીય ટીમમાં મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણાને પણ સ્થાન મળ્યું છે.

બુમરાહની ગેરહાજરીમાં સિરાજના ખભા પર ઝડપી બોલિંગની જવાબદારી રહેશે. ગુરનૂર બરાર પણ ટીમનો ભાગ છે. તેમણે અત્યાર સુધી ટેસ્ટ ડેબ્યૂ કર્યું નથી. બુમરાહે શ્રીલંકા સામે 2 ટેસ્ટ રમ્યા બુમરાહે શ્રીલંકા સામે 2 ટેસ્ટ રમ્યા છે, જેમાં 9.00ની સરેરાશ સાથે તેમણે કુલ 10 વિકેટ લીધી છે. એક ઈનિંગ્સમાં 5 વિકેટ હોલ પણ લઈ ચૂક્યા છે. તેમણે શ્રીલંકાની ધરતી પર અત્યાર સુધી કોઈ ટેસ્ટ રમ્યો નથી. બુમરાહે પોતાની ટેસ્ટ કારકિર્દીમાં 234 વિકેટ લીધી છે. શ્રીલંકા ભારતને 18 વર્ષથી હરાવી શક્યું નથી ભારત અને શ્રીલંકા વચ્ચે અત્યાર સુધીમાં 17 ટેસ્ટ શ્રેણી રમાઈ છે. તેમાં ટીમ ઈન્ડિયાનું પલડું ભારે રહ્યું છે. ભારતે 10 શ્રેણી જીતી છે, જ્યારે શ્રીલંકાને 3માં જીત મળી છે. બંને ટીમો વચ્ચે 4 શ્રેણી ડ્રો રહી છે. શ્રીલંકા છેલ્લા છ શ્રેણીથી ભારતને હરાવી શક્યું નથી. તેણે ભારત સામે છેલ્લી ટેસ્ટ શ્રેણી જીત 2008માં નોંધાવી હતી, એટલે કે તેને લગભગ 18 વર્ષથી ભારત સામે શ્રેણી જીતની રાહ છે.



### EPFO સાથે છેતરપિંડી મામલે CBIની કાર્યવાહી

# અનિલ અંબાણી-રિલાયન્સ કેપિટલ સામે FIR

મુંબઈ

એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO)ના કરોડો રૂપિયાના ફંડમાં મોટું નુકસાન પહોંચાડવા બદલ સીબીઆઈ (CBI) દ્વારા અનિલ અંબાણી અને તેમની કંપની રિલાયન્સ કેપિટલ લિમિટેડ (RCL) સામે એફઆઈઆર (FIR) નોંધવામાં આવી છે. જેમાં આરોપ છે કે, રિલાયન્સ કેપિટલના નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર (NCD)માં રોકાણ કરાવવાના બહાને EPFOને કુલ 1,816.22 કરોડ રૂપિયાનું નાણાકીય નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. શ્રમ મંત્રાલય અને EDની તપાસ બાદ પગલાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા 21મી જુલાઈના રોજ છેતરપિંડી, ગુનાઈત કાવતરું અને EPFOને




નુકસાન પહોંચાડવાના ગુના હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની તપાસ અને BDO ઈન્ડિયા એલએલપીના ઓડિટ રિપોર્ટમાં સાતમી ડિસેમ્બર, 2019થી છઠ્ઠી ડિસેમ્બર, 2021 વચ્ચે રિલાયન્સ કેપિટલ દ્વારા શંકાસ્પદ અને છેતરપિંડીભર્યા નાણાકીય વ્યવહારો થયા હોવાના પુરાવા મળ્યા હતા. કંપનીના ભંડોળનો દુરુપયોગ અને અનિયમિત ધિરાણના કારણે રિલાયન્સ કેપિટલનું પતન થયું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. રિલાયન્સ કેપિટલે વર્ષ 2013 અને 2014 દરમિયાન સિક્યોર્ડ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (NCD) જાહેર કર્યા હતા. તે સમયે પોર્ટફોલિયો મેનેજરો દ્વારા EPFO ફંડ્સમાંથી 2500 કરોડ રૂપિયાનું રોકાણ આ ડિબેન્ચર્સમાં કરવામાં આવ્યું હતું, જે 2023 અને 2024માં મેચ્યોર થવાના હતા. જોકે, કંપનીની નાણાકીય સ્થિતિ ખાડામાં જતાં ડિબેન્ચર ધારકો પ્રત્યેની જવાબદારીઓ પૂરી થઈ શકી નહોતી, જેના પરિણામે EPFOને 1,816.22 કરોડ રૂપિયાનું સરભર ન થઈ શકે તેવું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

### બોન્ડ બજારને મજબૂત બનાવવા અનેક પગલાં પણ રિઝલ્ટ શૂન્ય

# બ્લૂમબર્ગ દ્વારા ભારતીય બોન્ડ્સનો પ્રવેશ ફરી મુલતવી

### બ્લૂમબર્ગના મતે ભારતીય બજારમાં તાજેતરના સુધારાઓની અસર દૈનિક વેપારમાં પ્રતિબિંબિત થવામાં વધુ સમય લાગશે : સરકારી બોન્ડ્સ યીલ્ડ પાંચ બેસિસ પોઇન્ટ વધશે

મુંબઈ

બ્લૂમબર્ગ ઈન્ડેક્સ સર્વિસિસએ ફરીથી બ્લૂમબર્ગ ગ્લોબલ એગ્રીગેટ ઈન્ડેક્સમાં ફુલ એક્સેસ રૂટ (FAR) હેઠળ ભારતીય સરકારી સિક્યોરિટીઝનો સમાવેશ મુલતવી રાખ્યો છે. બ્લૂમબર્ગ એ જણાવ્યું હતું કે ભારતીય બજારમાં તાજેતરના સુધારાઓની અસર દૈનિક વેપારમાં પ્રતિબિંબિત થવામાં વધુ સમય લાગશે.

બ્લૂમબર્ગ ઈન્ડેક્સે જણાવ્યું હતું કે, પ્રાપ્ત માહિતી અનુસાર, ઘણા બજાર સહભાગીઓ અપેક્ષા રાખે છે કે બ્લૂમબર્ગ ગ્લોબલ એગ્રીગેટ ઈન્ડેક્સમાં સમાવેશ અંગે નિર્ણય લેવામાં આવે તે પહેલાં આ સુધારા દૈનિક વેપારમાં અસરકારક રીતે પ્રતિબિંબિત થશે. બ્લૂમબર્ગ ઈન્ડેક્સ સર્વિસિસ તેના મુખ્ય ગ્લોબલ એગ્રીગેટ ઈન્ડેક્સમાં ભારતીય ફુલ એક્સેસ રૂટ હેઠળના બોન્ડ્સનો સમાવેશ કરવાની શક્યતાની સમીક્ષા કરી રહી છે.

આ ઈન્ડેક્સ વૈશ્વિક રોકાણ-ગ્રેડ ફિક્સ્ડ ઈન્કમ માર્કેટ માટે




એક મુખ્ય બેન્ચમાર્ક છે. આ વર્ષના જાન્યુઆરીમાં, તેણે શાસન અને બજાર માળખા અંગેની ચિંતાઓને કારણે નિર્ણય મુલતવી રાખ્યો હતો. ભારતે આમાંની કેટલીક ચિંતાઓને દૂર કરવા માટે ઘણા પગલાં પણ લીધા છે. જૂન મહિનામાં, સરકારે સ્થાનિક બોન્ડ બજારને મજબૂત બનાવવા અને વિદેશી મૂડી આકર્ષવા માટે લાયક વિદેશી રોકાણકારો માટે ચોક્કસ સરકારી સિક્યોરિટીઝમાંથી વ્યાજ આવક અને મૂડી લાભ પર કરમુક્તિની જાહેરાત કરી હતી. ભારતીય રિઝર્વ બેંક એ ફુલ એક્સેસ રૂટનો વ્યાપ પણ વિસ્તૃત કર્યો છે, જેમાં ૧૫ વર્ષ, ૩૦ વર્ષ અને ૪૦ વર્ષની પાકતી મુદત સાથે સરકારી સિક્યોરિટીઝના તમામ નવા ઈશ્યુને આવરી લેવામાં આવ્યા છે.

રિઝર્વ બેંકે વિદેશી રોકાણકારો માટે રોકાણ નિયમો પણ હળવા કર્યા છે. જાણકારો કહે છે કે સરકારી સિક્યોરિટીઝનો સમાવેશ કરવાના નિર્ણયને મુલતવી રાખવાથી સ્ટાન્ડર્ડ ૧૦-વર્ષના સરકારી બોન્ડ્સ પર યીલ્ડ ૪થી ૫ બેસિસ પોઈન્ટ વધી શકે છે. કારણ કે રોકાણકારોએ પહેલાથી જ સમાવેશમાં કિંમત નક્કી કરવાનું શરૂ કરી દીધું હતું. બજાર આ વખતે બ્લૂમબર્ગ ગ્લોબલ એગ્રીગેટ ઈન્ડેક્સમાં આ સિક્યોરિટીઝનો સમાવેશ થવાની અપેક્ષા રાખતું હતું, પરંતુ એવું થયું નથી.

### દરેક બ્રાન્ચમાં મળશે સમાન વ્યાજ

# RBIનો મહત્ત્વપૂર્ણ નિર્ણય, પહેલી ઓક્ટોબરથી FDના નિયમ બદલાશે

મુંબઈ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા ફિક્સ્ડ ડિપોઝિટ (FD) મૂકનારા ગ્રાહકો માટે મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. RBI દ્વારા જાહેર કરાયેલા નવા નિર્દેશો મુજબ, પહેલી ઓક્ટોબરથી તમામ બેન્કો માટે એફડી (FD) પર વ્યાજ દરના નિયમો વધુ પારદર્શક અને સરળ બનાવવામાં આવ્યા છે. હવે કોઈપણ બેન્ક તેની અલગ-અલગ શાખાઓ (બ્રાન્ચો)માં એક જ સમયગાળાની FD પર અલગ-અલગ વ્યાજ દર આપી શકશે નહીં.

તમામ બ્રાન્ચમાં એક સમાન વ્યાજ દર લાગુ થશે નવા નિયમો લાગુ થયા બાદ, દેશની તમામ સરકારી, ખાનગી અને




પ્રાદેશિક બેન્કોએ પોતાની દરેક શાખામાં સમાન ડિપોઝિટ સ્કીમ અને સમાન વ્યાજ દર જાળવી રાખવાના રહેશે. અગાઉ કેટલીક બેન્કો ચોક્કસ વિસ્તારો કે શાખાઓમાં ગ્રાહકોને આકર્ષવા માટે થોડા વધુ કે અલગ વ્યાજ દરો ઓફર કરતી હતી, જેના પર હવે પ્રતિબંધ મુકાશે. ગ્રાહકોને શું ફાયદો થશે?

પારદર્શિતા વધશે: ગ્રાહકોને પોતાની બેન્કની કોઈપણ શાખામાંથી એકસરખું જ વ્યાજ મળશે, જેથી વ્યાજ દરો અંગેનો ભ્રમ દૂર થશે.

સરળ સરખામણી: ગ્રાહકો માટે વિવિધ બેન્કોના વ્યાજ દરોની સરખામણી કરવી વધુ સરળ બનશે.

ભેદભાવનો અંત: શહેરી કે ગ્રામીણ શાખાઓ વચ્ચે વ્યાજ દરને લઈને થતો ભેદભાવ નાબૂદ થશે.

RBIના આ પગલાથી સામાન્ય બેંકિંગ ગ્રાહકો અને ખાસ કરીને સીનિયર સિટીઝન્સ, જેઓ ફિક્સ્ડ ડિપોઝિટમાં વધુ રોકાણ કરે છે, તેમને મોટો લાભ અને સ્પષ્ટતા મળશે.

# GIFT સિટીમાં વૈશ્વિક ટ્રેડિંગ વોલ્યુમ બમણું થઈને 1.93 બિલિયન ડોલર

- **GIFT સિટીના ગ્લોબલ એક્સેસ પ્લેટફોર્મ પર વિદેશી શેરોમાં રિટેલ રોકાણ ઝડપથી વધ્યું**

મુંબઈ

ગિફ્ટ સિટીમાં રિટેલ રોકાણકારો ગ્લોબલ એક્સેસ પ્લેટફોર્મ દ્વારા વિદેશી-લિસ્ટેડ સિક્યોરિટીઝ ખરીદતા અને વેચતા હોવાના પ્રારંભિક સંકેતો જોવા મળી રહ્યા છે. આ પ્લેટફોર્મ આવા ટ્રેડિંગને સરળ બનાવે છે. ઘણા બ્રોકર્સે ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર ખાતે આવી સેવાઓ શરૂ કરવામાં રસ દર્શાવ્યો છે. ગિફ્ટ સિટીમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જના એકમ, ઈન્ડિયા VIXના ડેટા અનુસાર, ગ્લોબલ એક્સેસ પ્લેટફોર્મ દ્વારા ટ્રેડ થયેલા વૈશ્વિક એક્સચેન્જોનું મૂલ્ય ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં વધીને ૧.૯૩ બિલિયન ડોલર થયું છે, જે પાછલા નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં ૯૬૩.૬ મિલિયન ડોલર હતું. FY૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં, આવા ટ્રેડિંગનું મૂલ્ય ૬૩૯.૪ મિલિયન ડોલર હતું. કુલ ટ્રેડિંગ મૂલ્યમાંથી, યુએસ એક્સચેન્જો પર ૧.૫ બિલિયન ડોલરનો વેપાર થયો હતો, ત્યારબાદ દક્ષિણ કોરિયન એક્સચેન્જો પર ૨૭૨ મિલિયન ડોલર અને જર્મન એક્સચેન્જો પર ૪૩.૭ મિલિયન ડોલરનો વેપાર થયો હતો. છેલ્લા કેટલાક મહિનામાં દક્ષિણ કોરિયન બજારમાં નોંધપાત્ર અસ્થિરતા જોવા મળી છે. વધુમાં, નાણાકીય વર્ષ ૨૦૨૭ ના પ્રથમ ક્વાર્ટરમાં ગ્રાહકોની સંખ્યા જાન્યુઆરી-માર્ચ ૨૦૨૬ માં ૪,૯૪૦થી વધીને ૬૬,૨૧૦ થઈ ગઈ.

### સસ્તી બ્રાન્ડના દારૂમાંથી મોંઘી બ્રાન્ડનો નકલી દારૂ બનાવવાનું કૌભાંડ ખુલ્લું પડ્યું

# શાહપુરની મઢવાળા પોળમાંથી નકલી વિદેશી દારૂ બનાવવાની ફેક્ટરી ઝડપાઈ, PCBનો મોટો દરોડો

અમદાવાદ

સસ્તો દારૂ, પાણી અને ફ્લેવરને મિક્સ કરીને બ્રોન્ડેડ દારૂની બોટલમાં ભરીને વેચવાનો અમદાવાદના શાહપુરમાં પર્દાફાશ થયો છે. મકાનમાં ચાલતી નકલી દારૂની ફેક્ટરી પર પોલીસ કમિશનરની PCB સ્ક્વોર્ડે દરોડો પાડી ચાર આરોપીને ઝડપી લીધા હતા. આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર મંગો ચૌહાણ છે. જેના મકાનમાં તેણે ચારેય મિત્રને નોકરીએ રાખ્યા હતા. જેમાંથી એક સંચાલક, સસ્તો દારૂ લાવનારને અને અન્ય બેને દારૂની ડિલિવરી માટે પણ રૂપિયા આપતો હતો. આરોપીઓ ડિમાન્ડ પ્રમાણે આગળના દિવસે દારૂ બનાવતા હતા અને બ્રાન્ડેડ બોટલના જેટલા ભાવ હોય એ ભાવે જ સસ્તો દારૂ પધરાવી દેતા હતા. ASIએ જણાવ્યું હતું કે, બ્રાન્ડેડ દારૂની બોટલનો કોઈ ફિક્સ ભાવ નથી હોતો. પરંતુ 2000થી લઈ 5000 રૂપિયાના ભાવે આ બોટલનું વેચાણ



કરતા હતા. PCB સ્ક્વોડના PI જે. પી.જાડેજા અને ટીમને બાતમી મળી હતી. જેના આધારે PCBની ટીમે શહેરના શાહપુર વિસ્તારમાં હલીમની ખડકી પાસે મોઢાની પોળમાં વિકી ઉર્ફે મંગો ચૌહાણ નામના શખસના ઘરે રેડ કરી હતી. પોલીસે જ્યારે રેડ કરી તો ત્યાં ચાર લોકો મળી આવ્યા હતા. જે ચારેયના નામ મનદીપ ભાવસાર, કૈલાશ બોડાણા, દેવ પટેલ અને દેવાંગ જાની હોવાનું સામે આવ્યું હતું. ચારેય આરોપીઓ સસ્તી વિદેશી દારૂની બોટલમાંથી બ્રાન્ડેડ દારૂની ખાલી બોટલમાં ભરતા હતા. સસ્તો દારૂ ભરવામાં કેમિકલ વાપરતા હતા કે નહીં તેની તપાસ ચાલી રહી છે. સસ્તો દારૂ ભરવામાં કેમિકલ

**PCBએ હેર ડ્રાયર મશીન અને લાલ કલરનું પ્રવાહી, ભારતીય બનાવટની વિદેશી દારુની 227 બોટલ, ખાલી 127 બોટલ, સ્ટીકર 118, 5 ફ્લેવર, 22 લિટર વિદેશી દારૂ ભરેલા કેરબા કબજે કર્યાં**

વાપરતા હતા કે નહીં તેની તપાસ ચાલી રહી છે. આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું કે, વિકી ઉર્ફે મંગો ચૌહાણ દારૂનો ધંધો કરે છે. ચારેય તેના મિત્રો છે અને તેમને ત્યાં નોકરી કરે છે. મનદીપ ભાવસારને આ ધંધાનું સંચાલન કરવા આપ્યું હતું. જેને પગાર તરીકે 35,000 આપે છે. જ્યારે કૈલાશ બોડાણા સસ્તો વિદેશી દારૂનો જથ્થો અને ખાલી બોટલ લઈને આપે છે, જેના તેને દસ હજાર રૂપિયા મળે છે. અન્ય બે દેવ પટેલ અને દેવાંગ જાની બ્રાન્ડેડ વિદેશી દારૂની બોટલની ડિલિવરી કરવા જાય છે જેને રોજના પગાર પેટે 200 આપે છે. PCB પીઆઈ જે.પી જાડેજાએ જણાવ્યું હતું કે, ભંગારમાંથી બોટલ ખરીદીને લાવવામાં આવતી હતી. સ્ટીકર પણ ખરીદી લેવામાં આવતા હતા.

### લોન કરાવી આપવાનું કહી મિત્રએ મ્યુલ એકાઉન્ટ ખોલાવડાવ્યું

## ગામડાના વ્યક્તિના નામનું એકાઉન્ટમાં રૂા. 41 કરોડથી વધુના ફ્રોડના ટ્રાન્જેકશન

અમદાવાદ

પોલીસ દ્વારા હાલમાં મ્યુલ એકાઉન્ટ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે, ત્યારે નવરંગપુરા પોલીસને એક મ્યુલ એકાઉન્ટ મળી આવ્યું હતું જે એકાઉન્ટ ધારકની તપાસ કરતા મિત્રએ વર્ષ અગાઉ લોન અપાવવાનું કહીને વિગત બેંકમાં લઈ જઈ સહી કરાવી પાસબુક, ચેકબુક, ATM કાર્ડ સહિતની કીટ મેળવી લીધી હતી. એકાઉન્ટ ધારકના મિત્રએ આ એકાઉન્ટનો સાયબર ફ્રોડમાં ઉપયોગ કર્યો હતો. જેની સામે દેશભરમાં 118 ફરિયાદ નોંધાઈ છે અને 41 કરોડથી વધુના ટ્રાન્જેક્શન થયા છે. નવરંગપુરા પોલીસને આશ્રમ રોડ પર આવેલી કોસ્મોસ બેન્કમાં એક એકાઉન્ટ મળી આવ્યું હતું જે શિવાંશ ટ્રેડિંગના નામથી હતું. આ એકાઉન્ટમાં પ્રોપઈટર ઉમેશ પ્રજાપતિ હતા. પોલીસે તપાસ કરતા એકાઉન્ટનો ઉપયોગ સાયબર ફ્રોડના નાણાંની હેરફેર માટે થયો હતો. બેંક એકાઉન્ટ સામે સમન્વય પોર્ટલમાં 118 જેટલી ફરિયાદ નોંધાઈ હતી. આ એકાઉન્ટમાં 41.66 કરોડ રૂપિયાના ટ્રાન્ઝેકશન થયા હતા.

પોલીસે એકાઉન્ટના પ્રોપરાઈટર ઉમેશ પ્રજાપતિની પૂછપરછ કરતા જણાવ્યું હતું કે, તેમને એક વર્ષ અગાઉ પૈસાની જરૂર હોવાથી તેમના મિત્ર ભરત પ્રજાપતિ પાસે માંગ્યા હતા ત્યારે ભરતે




ઉમેશભાઈને અમદાવાદ બોલાવ્યા હતા. જે બાદ ભરત અને તેની સાથેના બે અન્ય શખ્સ ઉમેશભાઈને લોન અપાવવાનું કહીને બેન્કમાં લઈ ગયા હતા જ્યાં સહી કરાવી બેંક એકાઉન્ટ ખોલાવી પાસબુક, ચેકબુક, ATM કાર્ડ સહિતની બેંકની કીટ સાથે લઈ ગયા હતા.

### સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ કે હપ્તાખોરીનો ખેલ?

## શહેરકોટડામાં PCBના દરોડાથી સ્થાનિક ખાખી અને વહીવટદાર શંકાના દાયરામાં!

### ચોકીથી થોડે જ દૂર ટ્રાવેલ્સમાંથી ઉતર્તો હતો દારૂનો જથ્થો: શું PI અને વહીવટદારની રહેમનજર હેઠળ ચાલતો હતો કરોડોનો કારોબાર?

અમદાવાદ

અમદાવાદ શહેરકોટડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ પૂજાલાલ નથુલાલના ખુલ્લા પ્લોટમાંથી પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (PCB) એ પાડેલા દરોડાએ માત્ર બુટલેગરોના જ નહીં, પણ સ્થાનિક પોલીસના પણ હોશ ઉડાવી દીધા છે. રાજસ્થાનથી ટ્રાવેલ્સ બસો ભરીને આવતો દારૂ ખુલ્લેઆમ લોડિંગ ટેમ્પામાં ઉતારાઈ રહ્યો હતો અને સ્થાનિક પોલીસ 'અંધારામાં' હતી? આ વાત હવે ગળે ઉતરે તેવી નથી. PCB ની આ સફળ રેડ બાદ હવે સ્થાનિક પોલીસ સ્ટેશનના પીઆઈ, ડી-સ્ટાફ અને વહીવટદારની ભૂમિકા સીધી શંકાના દાયરામાં આવી ગઈ છે. રાજસ્થાનથી આવતી પ્રાઈવેટ ટ્રાવેલ્સની બસો ખુલ્લા પ્લોટમાં આવીને ઊભી રહે, કલાકો સુધી દારૂનું કટીંગ ચાલે, બોટલોની અદલાબદલી થાય અને શહેરકોટડા પોલીસને ગંધ સુદ્ધાં ન આવે? આટલું મોટું નેટવર્ક સ્થાનિક પોલીસ અને વહીવટદારના આશીર્વાદ વગર ચાલવું તદ્દન અશક્ય છે. ચર્ચા તો ત્યાં સુધી છે કે, દર મહિને લાખો રૂપિયાના હપ્તા સેટ કરીને વહીવટદાર દ્વારા બુટલેગરોને 'લીલી ઝંડી' આપવામાં આવી હતી. PCB ના દરોડાએ સ્થાનિક પોલીસના 'વહીવટ'ના પાયા હલાવી નાખ્યા છે. ૨૬.૯૧ લાખનો મુદ્દામાલ જપ્ત: વહીવટદારની ઊંઘ ઉડી! દરોડા દરમિયાન PCB ની ટીમે રૂ. ૩.૭૮ લાખની કિંમતની ૧૪૩૨ વિદેશી દારૂની બોટલો, ટ્રાવેલ્સ બસ, ટેમ્પો અને બાઈક મળી કુલ રૂ. ૨૬.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ઘટનાસ્થળેથી બસ ચાલક મોહસીન શેખ અને મક્તુરામ વણઝારાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ૪ બુટલેગરો ફરાર થઈ ગયા છે. મોટો સવાલ: શું આ ફરાર આરોપીઓને ભગાડવામાં પણ કોઈનો 'ઈશારો' હતો? બુટલેગરો તો જેલ ભેગા થશે.



## એરપોર્ટ પર 600 ગ્રામ સોનું લૂંટવાના કેસમાં પોલીસકર્મીઓ જ માસ્ટરમાઇન્ડ નીકળ્યા

અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ નજીક ગત 27 જૂનના રોજ દુબઈથી 600 ગ્રામ સોનું લઈને આવેલા બે મુસાફરોનું બોલેરો ગાડીમાં અપહરણ કરી, તેમને એપોલો સર્કલ સુધી લઈ જઈને 64 લાખ રૂપિયાના સોનાની લૂંટ ચલાવવાની એક ઘટના સામે આવી હતી.

આ ગુનામાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે તેમાં ડાંગ અને અમદાવાદ પોલીસમાં ફરજ બજાવતા કર્મચારીઓ તથા પોતાને સામાજિક કાર્યકર ગણાવતી એક મહિલાની પણ ભૂમિકા જોવા મળી છે.

આરોપીઓએ અગાઉથી મળેલી બાતમીના આધારે આ કાવતરું રચ્યું હતું. એરપોર્ટ પોલીસે કાર્યવાહી કરીને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ચાર અલગ-અલગ ટીમો બનાવી છે, જેણે ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને કર્ણાટક જેવા રાજ્યોમાં તપાસ કરીને અત્યાર સુધીમાં ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે અને અન્ય ફરાર આરોપીઓની શોધખોળ ચાલુ છે. આ અંગે એરપોર્ટ પોલીસ સ્ટેશનના PIએ જણાવ્યું કે, ગત 27મી જૂનના રોજ હરીશ અને ઓએસ નામના બે પેસેન્જરો દુબઈથી 64 લાખ રૂપિયાની કિંમતનું 600 ગ્રામ સોનું લઈને એરપોર્ટથી નીકળ્યા હતા, ત્યારે એક મહિલા અને ચાર શખસોએ બોલેરો ગાડીમાં તેમનું અપહરણ કરી, માર મારીને એપોલો સર્કલ સુધી લઈ જઈ સોનાની લૂંટ ચલાવી હતી.

### AMCના દરોડામાં 1768 કિલો ઘી સીઝ

## અમદાવાદમાં 'શુદ્ધ દેશી ઘી'ના નામે પામોલિન ઓઇલનું કૌભાંડ

અમદાવાદ

ગાંધીના ગુજરાતમાં અને વેપારના ધમધમતા ધામ અમદાવાદમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ક્રૂર મજાક કરતું વધુ એક મોટું કૌભાંડ સામે આવ્યું છે. ગાયના 'શુદ્ધ દેશી ઘી'ના નામે ઝેર સમાન પામોલિન ઓઈલથી ભેળસેળ કરેલું ઘી વેચવાના કાળો કારોબારનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના હેલ્થ એન્ડ ફૂડ ડિપાર્ટમેન્ટે પર્દાફાશ કર્યો છે. અગાઉ લેવાયેલા સેમ્પલ ફેલ થતાં જ એક્શન મોડમાં આવેલી AMCની ટીમે દરોડો પાડીને ૧૭૬૮ કિલો જેટલો શંકાસ્પદ અને વિષેલો ઘીનો જથ્થો સીઝ કરી દીધો છે.



ઈન્દોરથી રવાના થતું અને અમદાવાદમાં પીરસાતું 'ધીમું ઝેર'!

તપાસમાં જે અત્યંત ચોંકાવનારો ખુલાસો થયો છે તે મુજબ, લોકોના આરોગ્ય સાથે ખીલવાડ કરતું આ નકલી ઘી મધ્યપ્રદેશના ઈન્દોરમાં તૈયાર કરવામાં આવતું હતું. ઈન્દોરની ફેક્ટરીઓમાંથી પામોલિન ઓઈલ અને કેમિકલ્સ ભેળવીને બનાવવામાં આવતું આ ઘી 'શુદ્ધ દેશી ગાયનું ઘી'ના આકર્ષક બ્રાન્ડ નેમ હેઠળ માર્કેટમાં ઉતારવામાં આવતું હતું. અમદાવાદ સ્થિત મુખ્ય ડિસ્ટ્રિબ્યુટર દ્વારા આ જથ્થો શહેરના ખૂણે-ખૂણે વેપારીઓ અને ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવી રહ્યો હતો.

સેમ્પલ ફેલ થતાં AMCની ઘાતક સ્ટ્રાઈક: ૧૭૬૮ કિલો જથ્થો કબ્જે

AMCના ફૂડ વિભાગે અગાઉ શંકાના આધારે આ ઘીના નમૂના લીધા હતા. લેબોરેટરી ટેસ્ટિંગમાં આ ઘી શુદ્ધ ન હોવાનું અને તેમાં મોટા પ્રમાણમાં પામોલિન તથા અન્ય વસાના તત્વો હોવાનું સાબિત થયું હતું, એટલે કે સેમ્પલ તદ્દન ફેલ ગયું હતું. રિપોર્ટ આવતાની સાથે જ AMCની ટીમે ડિસ્ટ્રિબ્યુટરના ગોડાઉન પર ત્રાટકીને રૂ. લાખોની કિંમતનો ૧૭૬૮ કિલો શંકાસ્પદ જથ્થો જપ્ત કરી સીલ મારી દીધું છે.

નફાખોરો સામે કડક કાર્યવાહીની માંગ: ક્યાં સુધી જનતાના પેટમાં ઝેર પિરસાશે?

પવિત્ર તહેવારો કે રોજીંદા આહારમાં લોકો શ્રદ્ધા અને સ્વાસ્થ્ય માટે ગાયનું ઘી વાપરતા હોય છે.

## બે વર્ગોની ગ્રાન્ટેડ સ્કૂલના અસ્તિત્વને ટકાવવા શિક્ષણમંત્રીને રજૂઆત : ધો-9 અને 10ની સ્કૂલ ચાલુ રહે તે માટે રજૂઆત

અમદાવાદ

રાજ્યની બે વર્ગોની ગ્રાન્ટેડ સ્કૂલના અસ્તિત્વને ટકાવવા રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. એક વર્ગમાં વિદ્યાર્થીઓની સરાસરી હાજરી ગ્રામ્ય વિસ્તારમાં 23 અને શહેરી વિસ્તારમાં 36 રાખવામાં આવી છે. જેથી આ નિયમના કારણે ગ્રાન્ટેડ શાળાઓ બંધ થતી હોવાથી સરાસરી હાજરીમાં ફેરફાર કરવા શિક્ષણમંત્રી પાસે માંગ કરવામાં આવી છે. તેમજ વર્ગો ઘટાડવાના નિયમમાં પણ ફેરફાર કરવામાં આવે તેવી શિક્ષણમંત્રી પાસે માંગ કરવામાં આવી છે.

રાજ્યમાં માત્ર બે વર્ગો ધરાવતી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલના અસ્તિત્વ પર સંકટ ઊભું થયું છે. વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતાં વર્ગો પણ બંધ કરવાની ફરજ પડી રહી છે. જેના પરિણામે અનેક જૂની ગ્રાન્ટેડ શાળા બંધ થવાની કગાર પર પહોંચી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી



સરકારે વર્ગોની મંજૂરી અને ઘટાડા સંબંધિત નીતિમાં તાત્કાલિક સુધારો કરવો જોઈએ તેવી માંગ કરવામાં આવી છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, બે વર્ગોની 4700 માધ્યમિક સ્કૂલ છે. બે વર્ગ એટલે ધોરણ 9 અને ધોરણ 10. આ શાળા અમારા માટે એટલા માટે વિશેષ પ્રકારની છે કે કારણ કે ગામડાઓમાં બાળક ઓછામાં ઓછું ધોરણ 10 સુધી તો અભ્યાસ કરી શકે.

જેથી બે વર્ગની શાળાઓ ચાલુ રહે તે માટે શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. રાજ્યમાં ગ્રાન્ટેડ શાળાઓ ચાલુ રહે તેવી અમારી રજૂઆત છે.

### ડ્રાય સ્ટેટ ગુજરાતમાં દારૂબંધીના ધજાગરા!

## 20,000થી વધુ મહિલાઓ દારૂના નશાની બની બંધાણી : NFHS અહેવાલ

- **આ અહેવાલ એ વાતની પબ્લિક સાક્ષી પૂરે છે કે રાજ્યમાં ખાખી અને બુટલેગરોની મિલીભગતથી દારૂનો કાળો કારોબાર બેફામ ફૂલ્યો-ફાલી રહ્યો છે**

અમદાવાદ

કડક દારૂબંધીના મોટો-મોટા દાવા કરતા ગુજરાત પ્રશાસન અને સરકારના મોઢા પર તમાચો મારતા અતિ આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. જેને આપણે મહાત્મા ગાંધી અને સરદાર પટેલનું 'ડ્રાય સ્ટેટ' કહીને ગર્વ લઈએ છીએ, તે જ ગુજરાતમાં દારૂબંધી માત્ર ને માત્ર કાગળ પર સીમિત રહી ગઈ હોવાનો સનસનાટીપૂર્ણ ખુલાસો રાષ્ટ્રીય પરિવાર



સ્વાસ્થ્ય સર્વેક્ષણ એટલે કે NFHSના તાજેતરના અહેવાલમાં થયો છે. આ અહેવાલે સમગ્ર રાજ્યમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. સર્વેના ચોંકાવનારા આંકડા મુજબ, કડક કાયદાઓ અને પોલીસના મોટા-મોટા દાવો વચ્ચે પણ ગુજરાતમાં ૨૦,૦૦૦થી પણ વધુ મહિલાઓ દારૂના નશાની ઘાતક બંધાણી બની ચૂકી છે. સૌથી વધુ શરમજનક અને વિચારવા જેવી બાબત તો એ છે કે જ્યાં દારૂની ખુલ્લી છૂટ છે તેવા મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ અને તામિલનાડુ જેવા રાજ્યોમાં દારૂ પીતી મહિલાઓની જે ૦.૩ ટકાની ટકાવારી છે, બરાબર એટલી જ ટકાવારી કડક દારૂબંધી ધરાવતા આપણા ગુજરાતમાં પણ નોંધાઈ છે! આ આંકડો સાબિત કરે છે કે ગુજરાતમાં દારૂ મેળવવો એટલો જ સહેલો છે જેટલો અન્ય રાજ્યોમાં.

આ અહેવાલ એ વાતની પબ્લિક સાક્ષી પૂરે છે કે રાજ્યમાં ખાખી અને બુટલેગરોની મિલીભગતથી દારૂનો કાળો કારોબાર બેફામ ફૂલ્યો-ફાલી રહ્યો છે. સીમાઓ પર ચેકિંગના નામે માત્ર નાટક થાય છે અને ગલીએ-ગલીએ દેશી-વિદેશી દારૂની નદીઓ વહી રહી છે. જો કાયદો આટલો કડક હોત, તો મહિલાઓ સુધી આ ઝેર પહોંચ્યું કેવી રીતે? આ આંકડા માત્ર કાયદાની નિષ્ફળતા નથી દર્શાવતા, પરંતુ ગુજરાતમાં એક ગંભીર સામાજિક કટોકટી અને પરિવારોની તબાહી તરફ ઈશારો કરી રહ્યા છે.

## લાલ દરવાજાની 612 વર્ષ જૂની જામા મસ્જિદની દીવાલ ધરાશાયી : તાત્કાલિક રિપેરિંગની માગ કરાઈ

અમદાવાદ

અમદાવાદમાં સતત વરસી રહેલા વરસાદ વચ્ચે લાલ દરવાજા વિસ્તારમાં આવેલી વર્ષ 1414માં બનેલી ઐતિહાસિક અહેમદશાહ બાદશાહ (જૂની જામા) મસ્જિદની દીવાલનો એક ભાગ વહેલી સવારે ધરાશાયી થયો હતો. નશાબંધી અને આબકારી વિભાગની ઓફિસ તરફ આવેલી આ દીવાલ તૂટી પડવાથી મોટી હોનારત તો ટળી હતી, પરંતુ હેરિટેજ ઈમારતને ભારે નુકસાન થયું છે. વધુ વરસાદ પડશે તો મસ્જિદને વધુ નુકસાન થવાની ભીતિ સંચાલકોએ વ્યક્ત કરી છે.



મસ્જિદના વાઈસ પ્રેસિડેન્ટ ઈસ્માઈલભાઈએ જણાવ્યું હતું કે ઐતિહાસિક હેરિટેજ સ્થળ હોવા છતાં આર્કોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા અને મ્યુનિસિપલ કોર્પોરેશનના હેરિટેજ વિભાગ દ્વારા યોગ્ય મરામત કરવામાં આવી નથી. અગાઉ અવારનવાર લેખિત રજૂઆતો કરવા છતાં બંને વિભાગો એકબીજા પર જવાબદારી ઢોળી રહ્યા હોવાનો આક્ષેપ કરાયો છે.

દીવાલનો એક તરફનો ભાગ ધરાશાયી થઈ જતાં હવે મસ્જિદના બાકીના હિસ્સા પર પણ જોખમ તોળાઈ રહ્યું છે. મસ્જિદને વધુ નુકસાનથી બચાવવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક રિપેરિંગ કામગીરી શરૂ કરવામાં આવે તેવી માંગ સાથે સંચાલકો સોમવારે મ્યુનિસિપલ કોર્પોરેશનના હેરિટેજ વિભાગના અધિકારીઓને મળીને રજૂઆત કરશે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI